# પ્રકરણ – ૪
# માછીજ્ઞાતિની લગ્નપ્રથા અને લગ્નગીતો

- લગ્નપ્રથા
  - પ્રસ્તાવના
  - લગ્નના પ્રકારો
  - માછીજ્ઞાતિની લગ્નપ્રથા
  - ઉપસંહાર
- માછીજ્ઞાતિના લગ્નગીતો
  - પ્રસ્તાવના
  - માછીજ્ઞાતિમાં ગવાતા લગ્નગીતોનાં પ્રકારો
  - લગ્નગીતોમાં મનોભાવો
  - લગ્નગીતોમાં ભાવસૃષ્ટિ
  - લગ્નગીતોમાં કલ્પન અને પ્રતીકો
  - લગ્નપ્રસંગના પ્રતીકો
- ઉપસંહાર



## પ્રકરણ– ૪

# માછીજ્ઞાતિની લગ્નપ્રથા અને લગ્નગીતો

## લગ્નપ્રથા :

### ❖ પ્રસ્તાવના

માનવીના જીવનના ત્રણ મહત્ત્વનાં પ્રસંગો છે– જન્મ, લગ્ન અને મૃત્યુ. જન્મ એ માનવીના જીવનની શરૂઆત છે. જ્યારે લગ્ન એ માનવીના જીવનનો મધ્યભાગ છે અને મૃત્યુ એ માનવીના જીવનનો અંત છે. આપણે જાણીએ છીએ કે જન્મ અને મૃત્યુ એ બે ઘટનાઓ મનુષ્ય સિવાયના બીજા બધા પશુ–પંખી માટેની પણ ઘટના છે. જ્યારે લગ્ન એ મનુષ્યનાં જીવનમાં જ શક્ય છે અને લગ્નના આ પ્રસંગમાં લગ્ન કરનાર વ્યક્તિ સાથે સમગ્ર સમાજના લોકો પણ જોડાય છે. જન્મ અને મૃત્યુના પ્રસંગમાં વ્યક્તિ પોતે તે પ્રસંગને માણી શકતો નથી. પરંતુ લગ્નના પ્રસંગને વ્યક્તિ પોતે માણી શકે છે. મનુષ્યના જીવનનું કેન્દ્રબિંદુ ગૃહસ્થાશ્રમ છે અને ગૃહસ્થાશ્રમનો આધાર લગ્ન છે. હિન્દુધર્મમાં લગ્નને બે આત્મા અને બે દેહના જોડાણ તરીકે ઓળખવામાં આવે છે.

ભારતીય લગ્નપ્રથા આર્યસંસ્કૃતિમની આગવી દેણ છે. લગ્ન દ્વારા સમાજરૂપી સરોવરને સંયમની પાળ બાંધી માનવજીવનને આદર્શ અને આનંદમય બનાવવાનો આ સંસ્કાર વેદકાળના વખતથી લોકજીવનમાં વહ્યો આવે છે.

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ. માનવજીવનના આ ચાર આશ્રમો પૈકી ગૃહસ્થાશ્રમનો મુખ્ય સંસ્કાર છે વિવાહ કે લગ્નસંસ્કાર. વિવાહ શબ્દ વિ + વહ્ ધાતુ ઉપરથી બન્યો છે. વિવાહનો અર્થ થાય છે. પત્ની સ્વીકાર અથવા એ માટેની પ્રવૃત્તિ કન્યાને તેના પિતૃગૃહેથી આદરપૂર્વક લઈ જવી તે. આમ વિવાહ માટે વિવાહ સિવાય પણ લગ્ન, પ્રાણિગ્રહણ જેવા શબ્દોનો ઉપયોગ થાય છે. લગ્ન શબ્દ મૂળ 'लग्' ધાતુ ઉપરથી

ઊતરી આવ્યો છે. જે ઘણા અર્થમાં વપરાય છે. અહીં લગ્ન એટલે જોડાવું – સ્ત્રી–પુરુષનું પતિ–પત્નીરૂપે ઐક્ય. જ્યારે પ્રાણિગ્રહણ એટલે કન્યાનો હાથ પકડવો, ભાર્યા તરીકે સ્વીકાર કરવો એવો થાય છે.

***"લગ્નવિધિ સંસ્કારની સંસ્કૃતિનું અત્યંત મહત્ત્વનું પાસું છે. નારીનું પુરુષ સાથે આજીવન યુગલભાવથી રહેવાનું સ્વપ્ન પૂર્ણ કરતો એ પ્રસંગ છે. પુરુષ નારીના અભાવમાં અધૂરો છે અને એટલે કે પરસ્પરને પૂર્ણતા અર્પનારો પ્રસંગ લગ્ન છે. પુરુષ કરતાં પણ નારીના આ કોડને–ઉમંગને સવિશેષ રીતે સ્થાન મળ્યું છે."*** [૧]

લગ્ન એ આપણા ભારતીય સમાજમાં મહત્ત્વનો સંસ્કાર મનાય છે. દામ્પત્યજીવનની શરૂઆત લગ્નથી થાય છે. અહીં થતું જોડાણ એ શરીરથી આત્મા તરફ આગળ વધતું જોડાણ છે. આપણા ઘણાં વિદ્વાનો એ લગ્નને સંસારનું એક મહાકાવ્ય ગણીને સદાને માટે આવકાર્યું છે. આ એક પવિત્ર બંધન છે. કેમકે લગ્ન એ હૃદયનાં સાચા પ્રેમનું એક પ્રતીક છે.

લગ્નપ્રથા વિશે વિવિધ માન્યતાઓ પ્રચલિત છે. પરંતુ પૌરાણિક માન્યતા મુજબ આજના હિન્દુ લગ્નનું બંધારણ ઘડનારા શૌનક ઋષિના શિષ્ય આશ્વલાયન છે. આશ્વાલાયને જ્યારે બંધારણ ઘડ્યું ત્યારે સંભવતઃ વર્ણવ્યવસ્થા પ્રચારમાં આવી ન હતી કહે છે કે આશ્વલાયનના સમયમાં દક્ષે પોતાની સત્તાવીશ કન્યાઓ એક માત્ર ચંદ્રને જ પરણાવી દીધી. તેથી વિરોધ થયેલો. આમ બધી જ સ્ત્રીઓ એક પુરુષને જાય તો બાકીના પુરુષોની જાતીયતાનું વંશવેલાનું અને ઘરસંભાળ–રસોઈ આદિનું શું ? આ વંટોળને સમાવવા અને સામાજિક વ્યવસ્થાને સુયોગ્ય બનાવવા માટે આશ્વલાયને એક પુરુષને એક જ સ્ત્રી અને એક સ્ત્રીને એક જ પુરુષની વાત મૂકેલી. પરંતુ વર્ણવ્યવસ્થા આવતાં ક્ષત્રિયોને પ્રશ્ન ઊભો થયો. ક્ષત્રિયોને વારેવારે યુદ્ધમાં જવાનું છે જાનનું જોખમ સતત એટલે એમના વંશવેલાનું શું? આ નવી પરિસ્થિતિમાં આશ્વલાયન સૂત્રોનો પુનર્વિચાર

કરી નવી વ્યવસ્થા રચવાનું કામ ઋષિ પારસ્કરને સોંપવામાં આવ્યું. પારસ્કર ક્ષત્રિયોને એકથી વધારે પત્નીની છૂટ આપી, તેમજ વર્ણ–વ્યવસ્થા મુજબ જુદા જુદા વર્ગો નિશ્ચિત કર્યા. આજે લગભગ સમગ્ર ભારતમાં, અલ્પ કે બહુ સ્થાનિક ફેરફારો સાથે આ લગ્નવિધિ અમલમાં છે. ડૉ. જયસ્વાલ વગેરે માને છે કે પારસ્કરના આ સૂત્રોનો રચના સમય ઈ.સ.પૂર્વે પાંચસો છે. આ હિસાબે છેલ્લા અઢી હજાર વર્ષથી આજની લગ્નપ્રથા પ્રચલિત છે.''[૨] આમ, આપણે ચોક્કસ કહી શકીએ છીએ કે સામાજિક વ્યવસ્થાને વ્યવસ્થિત, યોગ્ય બનાવવા માટે લગ્ન એ ખૂબ જ જરૂરી છે. જો લગ્નપ્રથા અસ્તિત્વમાં ન આવી હોત તો ખૂબ જ અવ્યવસ્થા સર્જાઈ શકી હોત અને લોકો પશુ જેવું જીવન જીવતા હોત. પરંતુ લગ્ન વ્યવસ્થાને કારણે જ માનવીનું જીવન સુયોગ્ય બન્યું અને આપણી આ કુટુંબ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી.

''बोगार्डस के अनुसार – विवाह स्त्री और पुरुष का पारिवारिक जीवन में प्रवेश करानेवाली संस्था है ।''[૩] લગ્ન એ પવિત્ર બંધન ગણાય છે. એ ત્યાગ અને સમર્પણની ભાવના સર્જાતુ અનોખું બંધન છે. પુરુષના કર્તવ્ય અને સ્ત્રીના સમર્પણની ભાવનાઓનું સુંદર મિલન ભારતીય સંસ્કૃતિના દાંમ્પત્યજીવનમાં જોવા મળે છે. આમ, આપણે ચોક્કસ કહી શકીએ કે માણસ જયારે લગ્ન કરે છે ત્યારે જ તે સંપૂર્ણ બને છે.

### ◈ લગ્નના પ્રકારો :

હિંદુ શાસ્ત્રો પ્રમાણે ભારતમાં જીવનસાથી પ્રાપ્ત કરવાની જુદી જુદી રીતો પ્રચલિત હતી. વિવાહના પ્રકારોનો ઉલ્લેખ છેક ઋગ્વેદના સમયથી મળી આવે છે. મનુસ્મૃતિમાં વિવાહના આઠ પ્રકારો દર્શાવ્યા છે. બાહ્મલગ્ન, દેવલગ્ન, આર્ષ લગ્ન, પ્રાજાત્ય લગ્ન, આસુરલગ્ન, રાક્ષસલગ્ન અને પૈશાચલગ્ન. આ દરેક વિશે વિસ્તૃતથી માહિતી મેળવીએ.

(૧) બ્રાહ્મલગ્ન :

વિદ્યા અને સદાચારવાળા તથા સત્કારપૂર્વક વગર માગણી કરનાર એવા વરને બોલાવી, વરકન્યાને લૂગડાં, ઘરેણાં પહેરાવી, વરનું સન્માન કરીને કન્યાદાન આપવું તેને મન્વાદિ ઋષિએ 'બ્રાહ્મ વિવાહ' કહ્યો છે.[૪] **कन्यादानं कन्यामलङ्कृत्य ब्राह्मो विवाहः ।** **कन्या को अलंकृत करके कन्यादान करना ब्राह्म-विवाह कहलाता है ।**[૫] બ્રાહ્મ લગ્નને બ્રાહ્મલગ્ન પણ કહેવામાં આવે છે. આ પ્રકારમાં કન્યાનો પિતા કન્યાને અલંકાર પહેરાવીને શ્રોતીય એટલે વેદ જાણકાર વિદ્વાન, કુલિન એવા પુરુષને પોતાના ઘેર આમંત્રણ આપે છે અને કન્યાને સુંદર, કિંમતી, વસ્ત્રોથી શણગારીને સન્માનપૂર્વક કન્યાનું દાન આપે છે. આ પ્રથા મૂળ બ્રાહ્મણોમાં વધારે પ્રચલિત હોવાથી તેનું નામ 'બ્રાહ્મ' પડ્યું હશે. આમ વરપક્ષ પાસેથી કશું પણ લીધા વિના પોતાની કન્યા આપે છે. હિંદુ સંસ્કૃતિમાં કંકુ અને કન્યાની ભાવના આમાં મૂર્તિમંત થતી જણાય છે. આ લગ્નને પવિત્ર ગ્રંથોએ માન્ય રાખેલ છે. આ લગ્ન મોટાભાગે બ્રાહ્મણમાં જ પ્રચલિત હતા કારણ કે વેદાભ્યાસનો અધિકાર બ્રાહ્મણને જ હતો.

(૨) દૈવલગ્ન :

**"जब यज्ञ करनेवाले ऋत्विज को वस्त्रालंकार से विभूषित कन्या दी जाती थी तो उसे दैवविवाह कहते थे ।"**[૬] જ્યોતિષ્ટોમ આદિ યજ્ઞ થતી વેળા ઋત્વિજને (એટલે કે યજ્ઞ કર્મ કરાવનાર બ્રાહ્મણને) અલંકાર સહિત કન્યા આપવી તેને ઋષિઓ 'દેવવિવાહ' કહે છે.[૭] આ પ્રકારનું લગ્ન દેવનો યજ્ઞ કરતી વખતે યોજાઈ છે અને તેથી તેનું નામ 'દૈવ' પડ્યું છે. દૈવ લગ્નમાં યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ સાથે અથવા તો કેટલીક વખત યજ્ઞમાં આવેલા પંડિત બ્રાહ્મણ સાથે યજમાન પુરોહિત સાથે પોતાની કન્યા આપે છે. આમ લગ્ન કરવાની સંમતિ દર્શાવે છે. જ્યારે કન્યાના પિતા સુંદર વસ્ત્રોથી અને આભૂષણોથી શણગારેલી પોતાની પુત્રીને યજ્ઞ કરવા આવેલ પુરોહિતને યજ્ઞ ચાલતો હોય તે વખતે સોંપે તો તેને દૈવલગ્ન કહેવામાં આવે છે. આ પ્રકારનાં લગ્નો પણ બ્રાહ્મણોમાં જ વધુ હશે

કારણ કે બ્રાહ્મણો જ યજ્ઞ કરી શકતા. આમ વૈદિક યજ્ઞો બંધ થયા પછી આ પ્રકારનાં લગ્નો પ્રચારમાં નથી.

(૩) **આર્ષલગ્ન :**

ધર્મશાસ્ત્ર પ્રમાણે ઉપયોગ કરવા માટે વર પાસેથી એક અથવા બે ગાયો અને બળદ લઈને કન્યા આપવી તેને 'આર્ષ વિવાહ' કહે છે.[૮] આ પ્રકારના લગ્નમાં વરપક્ષ તરફથી કન્યાનાં પિતાને પણ એક ગાય અને બળદની જોડી ભેટ આપવામાં આવતી. આ પ્રકારના લગ્નમાં ખાસ કરીને ઋષિ પિતાઓ આ પ્રકારનું લગ્ન કરતા પોતાની કન્યાની તેને જે મદદ મળતી તેનાં બદલામાં કદાચ ઋષિ પિતા બે–ચાર ગાયો લઈને સંતોષ મેળવતા અથવા તો આશ્રમ જીવન માટે ગાયો જરૂરી હોવાથી તેને અનુરૂપ ગાયોનું દાન વર પાસેથી લેતા હશે. આમ કન્યાની કિંમત લેવાનો ખ્યાલ રહેતો નથી પરંતુ પ્રતીક તરીકે ગાય–બળદ આપવામાં આવતા હતા. આમ, હિંદુ ધર્મમાં ગાય પવિત્ર અને સંસ્કૃતિનું પ્રતીક મનાય છે. કન્યાના પિતા કન્યાનું દાન ગાય–બળદ લઈને કરે છે. આમ આર્ષ લગ્ન એ આસુર લગ્નનો એક સૂક્ષ્મ પ્રકાર જ ગણાય. અહીંયા કન્યા વિક્રયનો સ્પષ્ટ સ્વરૂપમાં નિર્દેશ થતો નથી. પરંતુ બ્રાહ્મણોએ આ પ્રકાર અપનાવ્યો હશે એમ જરૂર કહી શકાય.

(૪) **પ્રાજાત્યલગ્ન :**

કન્યાદાન કરતી વેળા 'સદ્ નૌ ચરતાં ધર્મમ્' એટલે 'બન્ને જણાં તમે તમારો ધર્મ પાળો' એવું વચન કહીને વરકન્યાની પૂજા કરી વરને કન્યા આપવી તેને 'પ્રાજાત્ય વિવાહ' કહે છે.[૯] પ્રાજાત્યલગ્ન અને બાહ્યલગ્નમાં ખાસ કોઈ ફરક નથી. આ પ્રકારના લગ્નમાં કોઈપણ પક્ષે કોઈપણ જાતની લેવડ–દેવડ થતી નથી. કન્યાનો પિતા વિધિપૂર્વક વર–વધૂને આશીર્વાદ આપીને કહે છે કે તમે બંને ચિરકાળ એકત્ર રહી ધર્મ કૃત્યો કરો. આ વાક્યમાંથી એવું સૂચન નીકળે છે કે ધાર્મિક અને સામાજિક ફરજો બંને સાથે રહીને અદા કરો. બાહ્ય અને પ્રાજાત્યલગ્ન વચ્ચેનો તફાવત દર્શાવવા માટે "સાથે રહીને ધર્મ

કાર્ય કરો.'' તેનો કેટલાક એવો અર્થ કરે છે કે આ આજ્ઞા પ્રમાણે પતિ–પત્નીની મંજૂરી સિવાય ફરીથી લગ્ન કરી શકે નહીં તેમજ ગૃહસ્થાશ્રમ છોડીને બીજા બે આશ્રમોમાં પ્રવેશ કરી શકે નહીં પરંતુ બાહ્યલગ્નમાં પણ આ અર્થ ગર્ભિત રીતે રહેલો જ છે એટલે બંને પ્રકારના લગ્નો વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી.

**(૫) આસુરલગ્ન :**

કન્યાના બાપને તથા સગાંવહાલાંને તથા કન્યાને પોતાને વર દ્રવ્ય આપે છે અથવા વરની તરફથી દ્રવ્ય આપવામાં આવે છે અને પછી ખુશીથી તે કન્યાને પરણે છે તેને 'આસુર વિવાહ' કહે છે.[૧૦] આ પ્રકારના લગ્નમાં સ્પષ્ટ કન્યાવિક્રય હોવાથી તે નિંધ છે અને સ્મૃતિકારો તેનો નિષેધ કરે છે. આ પ્રકારના લગ્ન ખાસ કરીને નીચલા વર્ગમાં પ્રચલિત છે. કેટલાંક લોકોના મતે આસુરજાતિમાં આ પ્રકારના લગ્નો થતાં હશે એટલે આસુર નામ પડ્યું હશે એમ માની શકાય.

**(૬) ગાંધર્વલગ્ન :**

વરકન્યાની પરસ્પર ઈચ્છાથી જે સંયોગ થાય છે તેને 'ગાંધર્વ વિવાહ' જાણવો. એ મૂળ ઉત્પત્તિ બન્નેની કામવૃત્તિ ઉપર રહી છે.[૧૧] ગાંધર્વલગ્નમાં સ્ત્રી–પુરુષ, મા–બાપ કે વડીલોની સંમતિ સિવાય પોતાની પસંદગીથી જ એકબીજા સાથે જોડાય છે. મૂળ આ પ્રકાર ગાંધર્વ જાતિમાં પ્રચલિત હોવાથી આ પ્રકારનાં લગ્નને ગાંધર્વ લગ્ન કહેવાતું હશે. આ લગ્નનો પ્રકાર ક્ષત્રિય રાજાઓ અમલમાં મૂકતા. પૌરાણિક કથાઓમાં દુષ્યંત–શકુંતલાનો દાખલો આ પ્રકારનું લગ્ન દર્શાવે છે. હાલમાં આ પદ્ધતિ ભાગ્યે જ જોવા મળે છે. આ લગ્નોને બધા સંમતિ આપતા નથી કારણકે તે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર થતાં નથી. બે પ્રેમીઓ પરસ્પર અનુમતિથી કોઈપણ વિધિ સિવાય એકબીજાની સાથે રહી ગૃહસ્થ જીવન ગાળવાનું શરૂ કરે છે. કામસૂત્ર મહાભારત વગેરે પણ તેને માન્ય કરે છે. પરંતુ મનુનો આ લગ્ન પરત્વે અચોક્કસ મત છે. ઘણાં લોકો સહજીવન જીવતા પહેલાં ધાર્મિક વિધિ અનુસાર લગ્ન થાય તો જ તેને અનુમતિ આપે છે.

### (૭) રાક્ષસલગ્ન :

કન્યાનાં સગાંવહાલાંને મારી, છેદી અને ભેદીને કન્યા રોતી તથા પોકારતી હોય તોપણ તેને ઘરમાંથી જબરજસ્તી હરણ કરી લાવવી અને તેની સાથે સંસાર માંડવો તેને 'રાક્ષસ વિવાહ' કહે છે.[૧૨] રાક્ષસ લગ્નમાં કન્યાની ઈચ્છા ન હોય તો બાર મહિના સુધી તેને વિચાર કરવાની તક આપ્યા પછી તેની સાથે પરાણે લગ્ન કરવું રાક્ષસ લગ્નમાં મારામારી અથવા કાપાકાપી કરીને બળજબરીથી કન્યા મેળવાય છે. એટલું જ નહીં પરંતુ તેની પોતાની સંમતિ વગર તેનું પ્રાણિગ્રહણ કરવામાં આવે છે. તેથી તેને લગ્નનો અધમ પ્રકાર ગણ્યો છે તે યોગ્ય જ છે. રાક્ષસ જાતિમાં વધૂ મેળવવા માટે આ રિવાજ હશે તેવી આ પ્રકારને રાક્ષસે નામ આપવામાં આવ્યું છે.

### (૮) પૈશાચલગ્ન :

સૂતેલી, કેફી વસ્તુનાં ઘેનમાં પડેલી તથા બેભાન થઈ ગયેલી એવી કન્યા સાથે એકાંતમાં ભોગ કરવો એવા પાપી કર્મથી જે વિવાહનો સંબંધ થાય છે તેને 'પૈશાચ વિવાહ' કહેવાય છે.[૧૩] પૈશાચ લગ્નમાં સૂઈ રહેલી અથવા તો માદક પદોર્થોનું સેવન કરાવીને બેભાન કરેલી યુવતીને ઉપાડી જઈ તેની સાથે બળાત્કાર કરી લગ્ન કરી પત્ની તરીકે રાખવામાં આવતી. લગ્નનો આ અધમમાં અધમ પ્રકાર છે. આમ બળાત્કારે પત્ની બનાવવી તેવો લગ્નપ્રકાર કોઈપણ સંસ્કૃત પ્રજા સ્વીકારી શકે નહીં ધર્મશાસ્ત્રોએ પણ આ લગ્નનો નિષેધ કર્યો છે. આ પ્રથા પછાત પિશાચ જાતિમાં પ્રચલિત હશે તેથી તેનું નામ પૈશાચલગ્ન પાડવામાં આવેલું જણાય છે.

ઉપર્યુક્ત લગ્નના આઠે પ્રકારોને તપાસતાં પહેલાં ચાર પ્રકાર સુધરેલી જાતિઓએ સ્વીકારેલા છે. પાંચમો અને છટ્ઠો તેમાંની કેટલીક જાતિઓએ થોડોક સુધારા વધારા સાથે સ્વીકાર્યા છે. જયારે છેલ્લા બે પ્રકાર લગભગ અસંસ્કૃત જાતિઓમાં પ્રચલિત હતા એમ જણાય છે. આમ, હિંદુ સમાજનાં લગ્નમાં ધર્મને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

## ❖ માછીજ્ઞાતિની લગ્નપ્રથા :

આપણા હિંદુ ધર્મ અનુસાર વ્યક્તિ ઉપર ગર્ભાધાનથી માંડી મૃત્યુ પર્યંત સોળ પ્રકારના સંસ્કાર કરવામાં આવે છે. તેમાંનો તેરમો સંસ્કાર તે 'વિવાહ સંસ્કાર'. વિવાહ સંસ્કારથી સંયમ દ્વારા ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. જેનાં દ્વારા સહજીવન સહજ બની જાય છે. સામાજિક સ્થિરતા, સાંસ્કૃતિક ઉન્નતિ તથા પરંપરા સંરક્ષણ માટે વિવાહનો ભવ્ય આદર્શ છે.

જ્ઞાતિએ જ્ઞાતિએ લગ્નપ્રથામાં ફેરફાર જોવા મળે છે. ઘણીવાર તો એક જ જ્ઞાતિમાં પણ ઘણા ફેરફારો જોવા મળે છે. અહીં માછીજ્ઞાતિની લગ્નપ્રથા રજૂ કરવામાં આવી છે તેની વિસ્તૃત માહિતી મેળવીએ.

### ◈ સગાઈ નક્કી કરવી :

લગ્નની શરૂઆત સગાઈ નક્કી કરવાથી શરૂ થાય છે. માછીજ્ઞાતિમાં લગ્ન એક વર્ષ, બે વર્ષ, ચાર વર્ષ છે તેથી પણ અગાઉના સમયથી નક્કી કરવામાં આવે છે. આ જ્ઞાતિમાં નાની ઉંમરે લગ્ન કરવાની પણ પ્રથા છે. આ જ્ઞાતિના લોકો મોટેભાગે ગામમાંથી ગામમાં જ વધુ લગ્નો કરે છે તેમજ આજુબાજુના ગામોમાં પણ લગ્ન નક્કી કરે છે. લગ્ન નક્કી કરવા માટે વચેટિયા મારફતે વાતચીત કરવામાં આવે છે અને બંને પક્ષની મંજૂરી હોય તો લગ્ન નક્કી કરવા માટે વર પક્ષના ફકત પુરુષો જ કન્યાના ઘરે જાય છે. કયારેક એકાદ સ્ત્રી પણ જાય છે અને કન્યાપક્ષના ઘરે જઈ સગાઈ નક્કી કરવામાં આવે છે એટલે કે આ સમયે વિશેષ કોઈ વિધિ કરવામાં આવતી નથી પરંતુ બંને પક્ષ તરફથી લગ્ન નક્કી છે એ માટે એકબીજાને વચન આપવામાં આવે છે અને આ રીતે સગાઈ નક્કી એમ સમજવામાં આવે છે.

### ◈ સાકરપુડાની વિધિ (સગાઈની વિધિ) :

આ વિધિને ચાંદલો, સગાઈ, વેવિશાળ, વાગ્દાન, ચુંદડી ઓઢાડવી, સાકરપુડાની વિધિ વગેરે નામથી પણ ઓળખવામાં આવે છે. આ વિધિ માટે ગોર મહારાજ પાસે

અગાઉથી સારું મુહૂર્ત જોવડાવી સારો દિવસ નક્કી કરવામાં આવે છે. જ્યારે માછીજ્ઞાતિમાં એક, બે, ચાર કે તેથી પણ વધુ વર્ષો પહેલાથી સગાઈ નક્કી થઈ ગઈ હોવા છતાં તેની વિધિ તો લગ્નના આઠ દિવસ અગાઉ જ કરવામાં આવે છે તેને સાકરપુડાની વિધિ તરીકે ઓળખવામાં આવે છે. સગાઈની વિધિ કન્યાના ઘરે થાય છે. એ માટે વરપક્ષ તરફથી યુવાન અને અન્ય સગાંવહાલાં કન્યાના ઘરે જાય છે. આ સાકરપુડાની વિધિના આગલા દિવસે આખા ગામમાં તેડા કરવામાં આવે છે અને આ દિવસે લગ્ન માટે જે હળદળ લાવ્યા હોય છે તેને કન્યા કે વરની ભાભી વાટે છે ત્યારબાદ તેનાં ગીત ગાવામાં આવે છે અને પછી તેને સૂકવી દેવામાં આવે છે. આ વિધિ બાદ બપોરે લગ્ન માટેનું જે અનાજ લાવ્યા હોય છે એ ઘઉં, ચોખા, દાળ વગેરે સાફ કરવામાં આવે છે. આ સમયે બધી સ્ત્રીઓ ગીતો ગાતા ગાતા અનાજ સાફ કરે છે અને બધાને ફરસાણ વહેંચવામાં આવે છે. બીજી તરફ સુકાવા મૂકેલી હળદરને ઘંટીમાં દળવામાં આવે છે અને ગીત ગાવામાં આવે છે. હળદળ દળાઈ ગયા બાદ બધા હળદળથી રંગાઈ છે. ત્યારબાદ બધી સ્ત્રીઓ કુંભારને ત્યાં વરઘ (મટકા) જોવા માટે ગીતો ગાતા જાય છે ત્યાં જઈ એકવીસ મટકા લેવામાં આવે છે તે લઈ ઘરે આવતી વખતે ઘરની નજીક કયાંક ઉતારો આપવામાં આવે છે ત્યાં ફરસાણ, ઠંડુ, તાડી (ઝાડનું પીણું) વગેરે ખાધા–પીધાં બાદ ફરીથી ગીત ગાતા ગાતા ઘરે આવે છે અને લાવેલ વરઘને બીજાને ત્યાં મૂકવામાં આવે છે અને તેને લગ્નના આગલા દિવસે ગ્રહશાંતિ પછી તેને લેવા માટે જાય છે અને જેમને ત્યાં વરઘ મૂકી હોય છે તે બધાને ફરસાણ ખવડાવે અને ઠંડા પીણા પીવડાવે છે.

આ બધી વિધિઓ સવારના સમયે પૂરી થાય છે ત્યાર બાદ સાંજના સમયે નક્કી કરેલા મુહૂર્તમાં વરપક્ષના સ્ત્રી–પુરુષો, સંબંધીઓ અને મિત્રો સગાઈની વિધિ માટે કન્યાના ઘરે જાય છે. કન્યાપક્ષ તરફથી પણ બધા વ્યક્તિઓ સંબંધીઓ, મિત્રો ભેગા થાય છે બધા ભેગા થયા બાદ ગીતો ગાવામાં આવે છે અને ત્યારબાદ ઘરના વડીલો વર અને કન્યાને લગ્ન માટે તેમની મરજી પૂછવામાં આવે છે. બંને હા કહે પછી એકબીજાને વીંટી

પહેરાવવામાં આવે છે અને વડીલોને પગે લાગી તેમના આશીર્વાદ લેવામાં આવે છે ત્યારબાદ બંને પક્ષ તરફથી એકબીજાને આપવા માટેના દાગીનાની વાતચીત કરવામાં આવે છે અને પછી બંને વેવાઈ હાથમાં સાકર લે છે અને બંનેના હાથની સાકર ભેગી કરી એ સાકરની મીઠાશની જેમ સંબંધોમાં મીઠાશ જાળવી રાખવા માટે એકબીજાને વચન આપવામાં આવે છે અને આ રીતે સગાઈ સંપન્ન થાય છે.

## ◈ ધાર પાડવાની વિધિ :

સાકરપુડાની વિધિ માટે વરપક્ષ તરફથી પાંચ બોટલ દારૂ લઈ જવામાં આવે છે અને એ દારૂથી કુટુંબના મૃત વ્યક્તિને યાદ કરીને તેના નામથી ધાર પાડવામાં આવે છે. ધાર પાડવા માટે પહરો (ખાખરા)નું પાન લેવામાં આવે છે અને ત્યારબાદ મૃત્યુ પામેલા વ્યક્તિને યાદ કરીને ગીત ગાવામાં આવે છે તેમજ ત્યાં આવેલા બધા વ્યક્તિઓને ફરસાણ વહેંચવામાં આવે છે તેમજ દારૂ પીતા વ્યક્તિને દારૂ અને તાડી પીતા વ્યક્તિને તાડી પીવડાવવામાં આવે છે. આમ આપણે જોઈ શકીએ છે કે આ જ્ઞાતિના લોકો શુભ અવસર પર મૃત્યુ પામેલા વ્યક્તિને યાદ કરવાનું ભૂલતા નથી તે આપણને તેમની ધાર પાડવાની આ પ્રથા પરથી જણાઈ આવે છે.

મૃત્યુ પામેલા વ્યક્તિને યાદ કરી ધાર પાડતી વખતે ગવાતા ગીતો :

***સહો[1] ઘેરના મોટા દાદા તમે આવજો રે હરી રાવણિયા,***
***મોબલે[2] તો બેસી તમે જો જો રે હરી રાવણિયા,***
***તોરણે તો બેસી તમે જો જો રે હરી રાવણિયા,***
***મોબલે તો બેસી તમે જમજો રે હરી રાવણિયા,***
***પરણે તો છોકરાજાઈ નાતયા રે હરી રાવણિયા,***

***રાહો ઘેરના દાદી તમે આવજો રે હરી રાવણિયા,***
***મોબલે તો બેસી તમે જો જો રે હરી રાવણિયા,***

તોરણે તો બેસી તમે  જો જો રે હરી રાવણિયા,
મોબલે તો બેસી તમે જમજો રે હરી રાવણિયા,
પરણે તો છોકરાજાઈ નાતયા રે હરી રાવણિયા.

સહો ઘેરના નાના તમે આવજો રે હરી રાવણિયા,
મોબલે તો બેસી તમે જો જો રે હરી રાવણિયા,
તોરણે તો બેસી તમે જો જો રે હરી રાવણિયા,
મોબલે તો બેસી તમે જમજો રે હરી રાવણિયા,
પરણે તો છોકરી જાઈ નાતયા રે હરી રાવણિયા,

સહો ઘેરના નાની તમે આવજો રે હરી રાવણિયા,
મોબલે તો બેસી તમે જો જો રે હરી રાવણિયા,
તોરણે તો બેસી તમે જો જો રે હરી રાવણિયા,
મોબલે તો બેસી તમે જમજો રે હરી રાવણિયા,
પરણે તો છોકરી જાઈ નાતયા રે હરી રાવણિયા."

કાન્તાબેન ભાસ્કરભાઈ માછી, ટેંભી

ઉ.વ.૭૦        તા.૨૦/૨/૧૪

૧. સહો–સહુ, સૌ

૨. મોબલે – છત

આવો રે મોટા પૂરવેજો [1]
આવે તો રમતેલા ભમતેલા આવજો,
પરમેસર [2]ની શેરીએ કાંકરા ખુંપેજો
આવે તો મોજડી સીવડાવશું,

*તમારા નાત્યાએ પગ ધોવણા માંડ્યા.*

*આવો રે મોટા પૂરવેજો*

*આવે તો રમતેલા ભમતેલા આવજો*

*પરમેસરની શેરીએ કાંકરા ખુંપેજો*

*આવે તો મોજડી સીવડાવશું*

*તમારા દાદાએ પગ ધોવણા માંડ્યા.*

*આવો રે મોટા પૂરવેજો,*

*આવે તો રમતેલા ભમતેલા આવજો*

*પરમેસરની શેરીએ કાંકરા ખુંપેજો*

*આવે તો મોજડી સીવડાવશું,*

*તમારી દાદીએ પગ ધોવણા માંડ્યા.*

*કાન્તાબેન ભાસ્કરભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૭૦ તા.૨૦/૨/૧૪*

*૧. પૂરવેજો –પૂર્વજો*

*૨. પરમેસર – પરમેશ્વર, ઈશ્વર*

આ રીતે મૃત્યુ પામેલા વ્યક્તિને યાદ કરી ગીત ગાવામાં આવે છે અને આ રીતે સગાઈની વિધિ પૂર્ણ થઈ ગયા બાદ લગ્નના દિન સુધી દરરોજ રાતે ગીત ગાવામાં આવે છે. અન્ય જ્ઞાતિની બહેનો કરતાં આ જ્ઞાતિની બહેનો ગીતો ગાવાની ખૂબ જ શોખીન છે. તેઓ વહેલી સવારમાં પરોઢે ઊઠીને પણ માઈકમાં ખૂબ જ ગીતો ગાય છે. લગ્નગીતો ગાવા માટેનો તેમનો ઉત્સાહ અનેરો છે. લગ્નગીત ગાવા માટે તેમને લગ્નનો પ્રસંગ અને માઈક મળી જાય ત્યાર પછી તો જાણે આખી દુનિયા પર વિજય મેળવ્યો હોય એવા ઉત્સાહ સાથે તેઓ ગીત ગાય છે.

## ◈ લગ્ન જોવડાવવાની વિધિ :

માછીજ્ઞાતિમાં લગ્ન ઘણા સમય અગાઉથી નક્કી થઈ જાય છે. તેથી લગ્નની તારીખ તેઓ બ્રાહ્મણ દ્વારા નક્કી કરી લગ્નના એકાદ મહિના અથવા પંદર દિવસ પહેલા લગ્ન જોવડાવવા માટે જાય છે અને લગ્ન જોવડાવવાની વિધિ કહેવામાં આવે છે. એ માટે વરપક્ષ અને કન્યાપક્ષ તરફથી વડીલો આવે છે અને બંને પક્ષની સંમતિથી બ્રાહ્મણની હાજરીમાં લગ્નની તારીખ નક્કી કરવામાં આવે છે.

લગ્ન જોવડાવવાની વિધિ થયા બાદ લગ્નપત્રિકા લખાવવાની વિધિ કરવામાં આવે છે ત્યારબાદ લગ્ન માટેની બધી તૈયારીઓ શરૂ થઈ જાય છે. જોતજોતામાં લગ્નના દિવસો નજીક આવી જાય છે. લગ્નના બે દિવસ અગાઉથી લગ્નની બધી વિધિઓ શરૂ થઈ જાય છે. બે દિવસ અગાઉથી આખા ગામમાં તેડા કરવામાં આવે છે તેમજ ગીતો ગાવામાં આવે છે. બે દિવસ અગાઉથી જ આખા ગામને ભોજનમાં વાલ અને રોટલા બનાવી જમાડવામાં આવે છે તેમજ દારૂ–તાડી પણ પીવડાવવામાં આવે છે. આમ આ જ્ઞાતિમાં લગ્ન જેવાં પ્રસંગોમાં પણ વ્યસનોનું પ્રમાણ જોઈ શકાય છે.

## ◈ પીઠીની વિધિ :

માછી સમાજનાં લગ્નોમાં પીઠી ચઢાવવી એ એક મહત્ત્વની રસમ છે. લગ્નના આગલા દિવસે સવારે પ્રભાતિયાં ગાવામાં આવે છે અને ત્યારબાદ પીઠી લગાવવાની વિધિ કરવામાં આવે છે. આ વિધિ ચાર કુમારિકાઓ અને ચાર પરણિત સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે. કુમારિકાઓ અને પરણિત સ્ત્રીઓ ભેગી થઈને પીઠીની વિધિ માટે લગ્ન થનાર વ્યક્તિને પાટલા પર બેસાડે છે અને તેનાં હાથમાં આમલીના પાન આપવામાં આવે છે ત્યારબાદ હાથમાં તેલ રેડવામાં આવે છે અને આખા શરીર પર તેલ લગાડવામાં આવે છે જેમાં કુમારિકાઓ ચાર વખત અને પરણિત સ્ત્રીઓ ચાર વખત એમ કુલ મળી આઠ વખત પીઠી લગાવવામાં આવે છે અને બધી સ્ત્રીઓ પીઠીના ગીત ગાય છે અને આ રીતે આ વિધિ પૂર્ણ થાય છે.

### ◈ મંડપરોપણની વિધિ :

લગ્નના આગલા દિવસે પીઠી લગાડ્યા બાદ મંડપરોપણની વિધિ કરવામાં આવે છે. મંડપરોપણની વિધિ માટે ઉમરાની ડાળી લાવવામાં આવે છે. એ માટે જેમના ઘેર લગ્ન હોય એ ઘરેથી હળદળ નાખી બનાવેલા પીળા રોટલા અને બુમલા (એક પ્રકારની માછલી)નું શાક તેમજ દારૂ–તાડી લઈ ગામના પુરુષો ઘરથી થોડે દૂર ઉમરાની ડાળી લેવા માટે જાય છે. ત્યાં જઈ બધા રોટલા ખાય છે અને દારૂ–તાડી પી છે. ત્યારબાદ ધોતર (ધોતી)નો વાવટો (ઝંડો) બનાવીને ઉમરાની ડાળી લઈ ઘરે આવે છે. ડાળી લેવા ગયેલ વ્યક્તિઓમાંથી એક વ્યક્તિના હાથમાં કુહાડી હોય છે. ઉમરાની ડાળી લઈ ઘરે આવેલા પુરુષોને વધાવવા માટે સ્ત્રીઓ થાળીમાં દીવો, બે નાળિયેર અને ફૂલ લઈ સામે જાય છે તેમને વધાવ્યા બાદ બધા પુરુષોને કંકુનો ચાંદલો કરી ચોખા લગાવે છે અને નાળિયેર આપવામાં આવે છે અને ઉમરાની ડાળી એક જગ્યાએ મૂકે છે અને ત્યારબાદ જેના લગ્ન હોય તેને તેનાં બનેવી ઘરની બહાર લાવે છે અને મંડપ રોપવાની વિધિ કરવામાં આવે છે. મંડપ રોપવા માટે નવ વખત પરાઈ (ખોદવા માટેનું સળિયા જેવું લાંબું લોખંડનું સાધન)થી ખોદવામાં આવે છે ત્યારબાદ ઉમરાની ડાળી માટે ઊંડો ખાડો ખોદવામાં આવે છે અને ઉમરાની ડાળીને ચાર જગ્યાએ છોલી તેના પર કંકુ હળદળના ચાંલ્લા કરવામાં આવે છે અને તેના પર આંબાના પાન બાંધવામાં આવે છે. ત્યારબાદ ખોદવામાં આવેલા ખાડામાં પાણી રેડી પાન, સોપારી, ચોખા અને પૈસા મૂકવામાં આવે છે અને તે ખાડામાં ઉમરાની ડાળી રોપવામાં આવે છે. આમ, ઉમરાની ડાળી દ્વારા મંડપરોપણની વિધિ કરવામાં આવે છે.

### ◈ ભાત/ધાણ ખાંડવાની વિધિ :

ભાત ખાંડવાની વિધિ જ્યારે પુરુષો ઉમરાની ડાળી મંડપરોપણ માટે લેવા જાય ત્યારે સ્ત્રીઓ ઘરે કરે છે. આ વિધિ માટે બધી સ્ત્રીઓ ભેગી થઈ જેમના લગ્ન થવાના હોય એ વર અથવા કન્યાને ઉખરા (મસાલો કે અન્ય ભાત વગેરે ખાંડવા માટેનું

સાધન)ની સામે બેસાડવામાં આવે છે ત્યારબાદ ચાર કુમારિકાઓ અને ચાર પરણિત સ્ત્રીઓ ઉખરામાં ભાત (ડાંગર) નાખે છે અને તેને ખાંડે છે. ભાત ખાંડ્યા બાદ એમાંથી જે ચોખા નીકળે તેને જેના લગ્ન થવાના હોય એ વર અથવા કન્યા પર નાખી તેને વધાવવામાં આવે છે અને બધા ગીતો ગાય છે.

## ◈ ચોરીની સ્થાપના :

ભાત ખાંડવાની વિધિ પૂર્ણ થયા બાદ ચોરીની સ્થાપના માટે માટી લાવવામાં આવે છે. આ માટી ખેતરમાંથી લાવવા માટે ચાર સ્ત્રીઓ જાય છે. ખેતરમાંથી જ્યાંથી માટી ખોદી હોય છે ત્યાં પાન, સોપારી મૂકવામાં આવે છે અને માટી લઈ ઘરે આવે છે. ઘર આવતી વખતે ચાર પુરુષો ચાદર ઊંચી પકડે છે અને એ ચાદર નીચે માટી લઈ આવતી સ્ત્રીઓ ચાલે છે અને એ રીતે ચાલતા ઘરે આવે છે. ઘરે આવ્યા બાદ ચાદર ઉપરથી લઈ લેવામાં આવે છે અને જે માટી લાવ્યા હોય એનાથી લગ્ન માટેની ચોરીની સ્થાપના કરવામાં આવે છે.

## ◈ ગ્રહશાંતક :

ગ્રહોની શાંતિ માટેની આ વિધિ વર અને કન્યા બંનેના ઘરે થાય છે. વરના ઘરે આ વિધિ લગ્નના આગલા દિવસે થાય છે જ્યારે કન્યાના ઘરે લગ્નના દિવસે જ આ વિધિ કરવામાં આવે છે. આ વિધિ માટે વર અથવા કન્યાને નવડાવી બેસાડવામાં આવે છે. બ્રાહ્મણ મંડપમાં ચોરી સળગાવી માતા–પિતા સાથે વર–કન્યાને બેસાડી હવન–પૂજન કરાવે છે. માતા–પિતાની ગેરહાજરીમાં કાકા–કાકી, ભાઈ–ભાભી પણ આ વિધિ કરે છે. વિધિને અંતે કુટુંબીજનો ભેગાં મળી ચોરીમાં નાળિયેર હોમે છે અને ત્યાં ભેગી થયેલ સ્ત્રીઓ ગીતો ગાય છે અને વર અથવા કન્યા વડીલોને પગે લાગી તેમના આશીર્વાદ મેળવે છે.

## ◈ સંગીત :

લગ્ન જેવો શુભ પ્રસંગ સંગીત વગર તો અધૂરો જ ગણાય. લગ્નના આગલા દિવસે રાત્રે માછીજ્ઞાતિના લોકો સંગીતનો કાર્યક્રમ રાખે છે. આ દિવસે સાંજે આખા ગામમાં તેડાં કરવામાં આવે છે અને આખા ગામને જમાડવામાં આવે છે આ દિવસે જમવામાં મરઘી અને દાળ–ભાત બનાવવામાં આવે છે તેમજ દારૂ–તાડી પણ પીવડાવવામાં આવે છે. જમવાનું પૂર્ણ થઈ ગયા બાદ ગીત ગાવામાં આવે છે અને પછી સંગીતનો કાર્યક્રમ ચાલુ થાય છે. તેઓ મોટેભાગે ડીજે બોલાવે છે. આ ઉપરાંત અત્યાર સુધી તો તેઓ બેન્ડ મંગાવતા હતા. તેમજ જેમની પરિસ્થિતિ સારી નથી તેઓ ટેપ મૂકીને પણ તેઓ નાચવાની મજા લૂંટે છે. પરંતુ અત્યારે તો ડીજે તેઓ મંગાવે છે અને મોડી રાત સુધી તેઓ લગ્નના અવસર નિમિત્તે નાચવાની મજા લે છે. યુવાનો, વૃદ્ધો તેમજ સ્ત્રીઓ પણ મનમૂકીને નાચે છે.

## ◈ વાહપાતરુની વિધિ :

લગ્નના દિવસે સવારથી જ બધી તૈયારીઓ શરૂ થઈ જાય છે. આ દિને સવારમાં ભોજનની તૈયારી શરૂ થઈ જાય છે. ભોજન તૈયાર થઈ ગયા બાદ એક સૂપડામાં થાળી મૂકી તેમાં બધી રસોઈ મૂકવામાં આવે છે તેમજ બિયર પણ મૂકવામાં આવે છે અને આ રીતે તૈયાર કરેલ ભોજનના સૂંપડાને જેનાં લગ્ન થવાના હોય તે વર કે કન્યા ઘરના મૃત વ્યક્તિને યાદ કરીને ઘરની ઉપર એ રસોઈ મૂકવામાં આવે છે. જેને વાહપાતરુની વિધિ કહેવામાં આવે છે. આ વિધિ દ્વારા લગ્નના શુભ અવસર પર ઘરના મૃત વ્યક્તિને યાદ કરવાનો રિવાજ છે.

## ◈ ભોજન સમારંભ :

વાહપાતરુની વિધિ પૂર્ણ થઈ ગયા બાદ ભોજન સમારંભ શરૂ થાય છે. આ દિવસે ભોજનમાં માછીજ્ઞાતિના લોકો બકરો કાપી બનાવે છે. કોઈ સાદી રસોઈ એટલે કે શાકભાજી–કઠોળ પણ બનાવે છે. આ ઉપરાંત તેઓ દાળભાત, પાપડ–કચુંબર,

સ્વીટ–ફરસાણ પણ બનાવે છે. કેટલીક વાર ગ્રામજનો ભોજન તૈયાર કરે છે તો કોઈ બ્રાહ્મણ–રસોઈયો પણ બોલાવે છે. પહેલાના સમયમાં પગંત બેસાડી બાજમાં ભોજન પીરસાતું હતું પરંતુ હવે ટેબલો ગોઠવી બૂફે–સ્વરૂચિ પદ્ધતિએ ભોજન અપાય છે.

## ◈ ચાંદલાની વિધિ :

લગ્નના દિવસે બપોરે જેમના લગ્ન હોય એ વર કે કન્યાને ચાંદલાની વિધિ માટે બેસાડવામાં આવે છે એટલે કે ઘરના આંગણામાં મંડપની અંદર ટેબલ–ખુરશી લઈ તેને બેસાડવામાં આવે છે. ટેબલ પર ચાંદલો કરવા માટેની થાળી મૂકવામાં આવે છે. જેના લગ્ન હોય તેને ખુરશીમાં બેસાડી તેની સાથે તેના મિત્ર અથવા સંબંધીને બેસાડવામાં આવે છે. આવેલ મહેમાનો વર અથવા કન્યાને ચાંદલો કરી તેને માટે લાવેલ ગીફ્ટ આપે છે. જેના લગ્ન હોય તે પણ મહેમાનોને ચાંદલો કરે છે તેથી તેને ચાંદલાની વિધિ કહેવામાં આવે છે.

## ◈ મોસાળું :

ગ્રહશાંતક અને ભોજન પછી મોસાળાંની વિધિ શરૂ થાય છે. આ સમાજમાં લગ્ન સમયે મામાપક્ષે મોસાળું કરવાનું હોય છે. મામાપક્ષ સામેથી મોસાળું લઈને આવે છે. મોટાભાગના ગામોમાં મામા–મોસાળપક્ષ પોતાના ફળિયાના માણસો અને સંબંધીઓ સાથે મોસાળું લઈ વર–કન્યાના આંગણે આવે છે. જ્યાં તેમનું સ્વાગત થાય છે. વર–કન્યા વડીલોને પગે પડે છે. વર અથવા કન્યાની માતા મોસાળામાં આવેલ દરેકને કુમકુમનો ચાંદલો કરે છે. ત્યારબાદ મોસાળપક્ષના લોકો મંડપમાં સ્થાનગ્રહણ કરે છે. સગાસંબંધીઓ મોસાળાંની વિધિ કરે છે, તો મહેમાનોને જમાડવામાં આવે છે. મામા તરફથી કન્યા અથવા વર માટે પિત્તળનું બેડું લાવવામાં આવે છે. મામાની આર્થિક પરિસ્થિતિ સારી હોય તો તાંબાનું બેડું પણ લાવે છે. આ ઉપરાંત વર અથવા કન્યા માટે લગ્નના કપડાં લાવે છે અને આખો પૂરેપૂરો શણગારનો સામાન લાવે છે અને તે

વર–કન્યાને આપે છે. આ ઉપરાંત મામા લગ્નના મંડપમાં લગ્ન સમયે કન્યાને મંડપમાં પણ લઈ જાય છે.

## ◈ વરધ ભરવાની વિધિ :

વરધ એટલે જે નાની માટલીઓ ઘણી જગ્યાએ નાની–મોટી એમ બંને પ્રકારની માટલીઓ લાવવામાં આવે છે. આ માટલીઓ કુંભારને ત્યાંથી લાવવામાં આવે છે એ લઈ બધી સ્ત્રીઓ કૂવા પાસે જાય છે અને ત્યાં જઈ પહેલા પાન સોપારી મૂકે છે અને બધી માટલીઓ પાણીથી ભરે છે અને તે માટલીઓની આરતી ઉતારે છે પછી એ વરધને લઈ ગીતો ગાતા ગાતા ઘરે આવે છે. આ રીતે વરધ ભરવાની વિધિ કરવામાં આવે છે.

## ◈ વરઘોડો :

લગ્નની વિવિધ વિધિઓ સંપન્ન થયા બાદ વરના ઘરે વરઘોડાની તૈયારી કરવામાં આવે છે. એ માટે પ્રથમ તેને નવડાવવામાં આવે છે. નવડાવવા માટે પાંચ સ્ત્રીઓ ભેગી મળી વચ્ચે બાજઠ રાખી તેની ફરતે નવ મટકા મૂકે છે એ મટકામાં ચોખા અને ભાત નાખવામાં આવે છે અને વચ્ચે રાખેલા બાજઠ પર જેના લગ્ન હોય તેને બેસાડવામાં આવે છે અને બધી સ્ત્રીઓ ભેગી મળી તેને નવડાવે છે. નવડાવ્યા બાદ તેને ઘરમાં લાવવામાં આવે છે અને તેને ફરીથી પીઠી લગાડવામાં આવે છે. આ પીઠી લગાવ્યા બાદ તેને નવડાવવામાં નથી આવતા અને પીઠીવાળા શરીરે જ તેને લગ્ન માટે તૈયાર કરવામાં આવે છે. આ સમાજના વરરાજા શૂટ–બૂટ, શેરવાની, મોજડી કે સફેદ–પેન્ટ શર્ટ પહેરે છે. માથે તૈયાર રંગીન સાફો મૂકે છે. છોકરાને ઘરમાં જ હાર પહેરાવી હાથમાં તલવાર આપવામાં આવે છે અને ત્યારબાદ ઘોડા પર બેસાડી વરઘોડો કાઢવામાં આવે છે. વરપક્ષ તરફથી કન્યા માટે જે દાગીના લાવ્યા હોય છે તેને એક પેટીમાં મૂકી લઈ જવામાં આવે છે. જાનૈયાઓ બેન્ડ, ડી.જે. કે બેન્ઝો સાથે નાચગાન શરૂ કરે છે. ભાઈઓ, બહેનો સહિત મોટાભાગની જાન નાચતી હોય છે. આ નાચગાન વરના ઘરથી કન્યાના ઘર સુધી અવિરત ચાલે છે. કેટલાંક મોટી ઉંમરના બહેનો વરરાજાની પાછળ ચાલતાં ચાલતાં ગીતો ગાય છે.

વરરાજા રસ્તામાં આવતા દેવ–દેવીઓને ઘોડા પરથી ઉતરી પગે લાગે છે. આ રીતે જાન વાજતે–ગાજતે કન્યાના ઘરે જાય છે.

### ◈ હસ્તમેળાપ :

વર કન્યાના હસ્તમેળાપ કરાવતા પહેલા કેટલીક રીત કરવામાં આવે છે. જેમાં વરરાજા કન્યાના ઘરે પહોંચ્યા બાદ તોરણ પાસે ઊભા રહે છે અને કન્યા માટે જે કપડા–દાગીના લાવ્યા હોય એ આપવા માટે રીત કરનાર સ્ત્રી જાય છે અને તે કન્યાને આપવામાં આવે છે. રીત કરનાર સ્ત્રી કન્યાના વાળ ઓળે છે તેનો સેંથો પૂરે છે, ચાંદલો લગાવે છે, ફૂલનો હાર પહેરાવે છે અને હાથમાં પકડવાનો તૂરો (ગુલદસ્તો) આપે છે. સાસરેથી આવેલા કપડા પહેરીને છોકરી તૈયાર થાય છે. આ બાજુ છોકરા પક્ષના બધા તોરણ પાસે ઊભા હોય છે ત્યાં કન્યાપક્ષના પુરુષો સામે લેવા માટે આવે છે. તોરણ પાસે બે છોકરીઓ માટલી લઈ ઊભી રહે છે. વરપક્ષ તરફથી એ માટલીમાં પૈસા નાખવામાં આવે છે ત્યારબાદ વરપક્ષ તરફથી કન્યાપક્ષના સામે લેવા આવેલા પુરુષોને પણ પૈસા આપવામાં આવે છે. પછી જ તેમને તોરણની અંદર પ્રવેશ આપવામાં આવે છે. તોરણની અંદર પ્રવેશતી વખતે વરરાજા એ તલવાર વડે તોરણમાંથી આંબાનું એક પાન તોડવાનું હોય છે અને એ તોડેલું પાન વરરાજાએ ખાવું પડે છે અને ત્યારબાદ તેને મંડપમાં પ્રવેશ મળે છે. ફણસા જેવા કેટલાંક ગામોમાં કન્યાની મા વરને પોંખે છે જ્યારે ટેંભી, પલગામ જેવા ગામોમાં વરને પોંખવામાં નથી આવતા. પણ તેમને સીધા જ માયરામાં બેસાડવામાં આવે છે. બ્રાહ્મણ દ્વારા કન્યાને પણ મંડપમાં બોલાવવામાં આવે છે. કન્યાના મામા તેને મંડપમાં બેસાડે છે ત્યારબાદ અંતરપટ આડું પાડી હસ્તમેળાપની વિધિ બ્રાહ્મણ દ્વારા કરાવવામાં આવે છે. વર દ્વારા લાવવામાં આવેલ દાગીના કન્યાને પહેરાવવામાં આવે છે. બ્રાહ્મણ દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવે છે. લગ્નની વિધિ પૂર્ણ થયા બાદ વર દ્વારા કન્યાને મંગળસૂત્ર પહેરાવવામાં આવે છે અને સિંદૂર પૂરવામાં આવે છે ત્યારબાદ મંગલફેરા ફરવામાં આવે છે.

## ◈ કન્યાદાન :

મંગળફેરા પૂરા થયા પછી બ્રાહ્મણની હાજરીમાં કન્યાદાનની વિધિ કરવામાં આવે છે. બ્રાહ્મણ પૂજન કરાવે છે જે સાત જન્મના સંબંધની વિધિ ગણાય છે. કન્યાદાન વખતે કન્યાના મા–બાપ તરફથી તાંબાનું બેડું આપવામાં આવે છે. અન્ય કોઈપણ વસ્તુ કરતાં તાંબાનું બેડું આપવું તેઓમાં ફરજીયાત છે ત્યારબાદ સગા–સંબંધીઓ ભેટ આપે છે.

## ◈ અપવાસ છોડવાની વિધિ :

કન્યાદાનની વિધિ પછી વરકન્યાને કન્યાના ઘરમાં પ્રવેશ કરાવે છે. ઘરમાં પ્રવેશતાં પહેલા કન્યાની માતા વરને કાપડ ભેટમાં આપે છે અને અગ્નિ અને દૂધ લાવે છે એ દૂધથી વરકન્યા બંનેનો જમણો પગ ધોવામાં આવે છે. પછી ઘરમાં પ્રવેશ આપવામાં આવે છે અને પછી બધા પુરુષો વરને જમાડે છે. જમતા પહેલા મૃત્યુ પામેલા વ્યક્તિને યાદ કરીને દારૂ–તાડીની ધાર પાડવામાં આવે છે. ત્યારબાદ સાસુ જમાઈના હાથ ધોવડાવે છે. જમતી વખતે વર જલ્દીથી જમતા નથી અને કન્યાપક્ષ તરફથી પૂછવામાં આવે ત્યારે કંઈપણ વસ્તુની માંગણી કરે છે અને કન્યાપક્ષ તરફથી તે પૂરી કરવા માટે સંમત થયા બાદ વર જમે છે અને બધા તાળીઓથી વધાવે છે. વર સાથે મિત્રો જમવા બેસે છે જ્યારે કન્યા સાથે તેના સાસુ બેસે છે અને બધા જમે છે તેને અપવાસ છોડવાની વિધિ કહે છે.

## ◈ કન્યાવિદાય અને અન્ય વિધિઓ :

ભોજનની વિધિ બાદ વિદાયની ક્ષણ નજીક આવતી જાય છે. ધીમે ધીમે વાતાવરણ ગમગીન થતું જાય છે. આ પ્રસંગ ખૂબ જ કરુણ હોય છે. હળવાં હળવાં ડૂસકાં સાથે કન્યા પોતાનાં માતા–પિતા, ભાઈ–બહેન જેવાં અંગત સંબંધીઓને ભેટે છે અને એ રીતે કન્યા પોતાના ઘરમાં ઉજાસ મૂકીને સાસરે જાય છે. સાસરે પહોંચ્યા બાદ ગૃહપ્રવેશ સમયે કંકુનો થાળ મૂકી કન્યાના પગલા લેવાય છે. કોઈ જગ્યાએ કાગળ મૂકવામાં આવે છે અને તેના પર પગલાં લઈ સાચવી રાખવામાં આવે છે. જ્યારે કોઈ જગ્યાએ જમીન

પર જ પગલા પડાવવામાં આવે છે. આ રીતે નવપરણિત કન્યાનો ગૃહપ્રવેશ કરવામાં આવે છે.

કેટલાંક ગામોમાં છોકરીની વિદાય પૂરી થાય પછી અથવા બીજે દિવસે આણું કરવાનો રિવાજ છે. જેમાં પિયરપક્ષના લોકો છોકરીને લેવા આવે છે. જેને પિયરપક્ષનું આણું કહે છે. બીજા દિવસે સવારે વર–કન્યાને ભગવાનના મંદિરમાં દર્શન માટે લઈ જવામાં આવે છે. ત્યારબાદ કન્યાના પિયરપક્ષ તરફથી આવેલ વ્યક્તિઓને જમાડવામાં આવે છે ત્યારબાદ વર–કન્યાને કન્યાના પિયર લાવવામાં આવે છે તે પછી વરપક્ષ તરફથી કન્યાપક્ષને ત્યાં જાય છે જેને વરપક્ષનું આણું કહેવાય છે. તેઓ વરકન્યાને પોતાની સાથે પાછા લઈ આવે છે. વરપક્ષને ત્યાં મંડપના ફરતે લગ્નની વિધિ દરમિયાન મટકા મૂકવામાં આવ્યા હોય છે તે મટકા ગામના છોકરાઓ લઈ જાય છે અને આ રીતે આખા લગ્ન પૂર્ણ થાય છે.

## ◈ ઉપસંહાર :

આમ, આ માછીસમાજની લગ્નપ્રથા જોઈએ તો અન્ય જ્ઞાતિની લગ્નપ્રથાથી થોડી ઘણી અલગ જોવા મળે છે. પરંતુ વિશેષઃ તેમાં સામ્ય વધુ જોવા મળે છે. આ જ્ઞાતિમાં આપણે જોઈ શકીએ છીએ કે લગ્નને એક પવિત્ર બંધન માનવામાં આવે છે અને તેઓ ખૂબ જ વિધિપૂર્વક આખા લગ્નપ્રસંગને પાર પાડે છે.

# ❖ માછીજ્ઞાતિના લગ્નગીતો :

## ◈ પ્રસ્તાવના :

લગ્ન એટલે બે વ્યક્તિઓનું એક થવું છે. આખી જિંદગી સાથે રહેવાના અને એકબીજાના સુખ–દુઃખમાં સહભાગી બનવાના એકબીજાને આ દિવસે વચન અપાય છે. લગ્નના પ્રસંગમાં સમર્પણ, સહકારના ભાવ રહેલા છે. આ પ્રસંગ માટે જે લગ્નગીતો ગવાય છે તેનાથી વાતાવરણ આનંદોલ્લસાનું બની રહે છે. સ્ત્રીઓ પોતાના મધુર કંઠથી લગ્નપ્રસંગને ચેતનવંતો બનાવી દે છે. લગ્નપ્રસંગમાં અલગ–અલગ વિધિઓમાં જુદા જુદા લગ્નગીતો ગાવામાં આવે છે. આ લગ્નગીત દ્વારા હૃદયની લાગણીઓ અને ઊર્મિઓ વહે છે. તેની અંદર એક પ્રકારની મીઠાશ અને શબ્દોની સરસ ગોઠવણ જોવા મળે છે. અત્યારના જમાનામાં ફિલ્મીગીતોનું ચલણ વધવાથી લગ્નગીતોનું મહત્ત્વ ઘટવા લાગ્યું છે, લગ્નગીતો ખાસ કરીને હવે આપણને સાંભળવા મળતા નથી મોટા શહેરોમાં તો પૈસા આપીને લગ્નગીતો ગાનાર ને બોલાવવામાં આવે છે. શહેરોમાં તો મોટેભાગે લગ્નગીતો આપણને સાંભળવા જ મળતા નથી તેમ છતાં હજુ પણ એવાં ગામડાઓ છે કે જયાં લગ્નગીતો તેનાં મૂળ સ્વરૂપમાં ઢાળ, લય અને લહેકા સાથે ગવાય છે.

> ***"લગ્નગીતો એ તો ધર્મવિધિ જેટલી કડકાઈથી સચવાયેલું પરંપરાગત અકબંધ એક સમાજચિત્ર છે. એક પાકો દસ્તાવેજ છે."*** [૧૪]

અહીં મેઘાણીએ 'સમાજચિત્ર' અને 'દસ્તાવેજ' કહી લગ્નની દઢતા સાબિત કરી છે.

લગ્નગીતો આપણા ભારતીય સમાજનું સ્પષ્ટ અને હૃદયગમ્ય પ્રતિબિંબ છે. આપણી પરંપરાનું અને આદર્શનું આભૂષણ પણ આપણા આ લગ્નગીતો જ ગણી શકાય. મેઘાણી આ સંદર્ભમાં યોગ્ય જ કહે છે કે, "કોઈપણ સમાજના સંસ્કારનું માપ

કાઢવું હોય તો એની નીપજાવેલી લગ્નક્રિયાની અને એના રચેલા લગ્નસાહિત્યની સામે દષ્ટિ કરી લેવી.''[૧૫]

આમ, લગ્નગીતો એ સામાજિક સંસ્કારની ઓળખ છે.

લગ્નગીતોમાં આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ જોવા મળે છે. એમાં દામ્પત્યજીવનની મધુરતાનાં ચિત્રો, યુવા અવસ્થાના અરમાનો ઉપરાંત લગ્નજીવનનું માંગલ્ય પણ પ્રગટે છે. લગ્નગીતમાં વર–કન્યાના સૌંદર્યના વર્ણનો, પ્રણયનો ઉલ્લાસ જોવા મળે છે. આ શુભમૂહુર્તમાં પ્રથમ તો ગણેશનું સ્થાન મહત્ત્વનું છે. લગ્નક્રિયા ક્રમબદ્ધ હોય છે. શબ્દ, સૂર અને સંસ્કારના પરિચાયક એવા લગ્નગીતો વિધિનુસાર ગવાતાં હોય છે. અહીં ઉમરગામ તાલુકાની વાત કરીએ તો અહીંની માછીજ્ઞાતિની બહેનો હજુ પણ ખૂબ જ ઉત્સાહ, ઉમંગ અને જોશપૂર્ણ રીતે લગ્નગીતો ગાય છે અને વાતાવરણને જીવંત અને આનંદમય બનાવી દે છે.

## ❖ માછીજ્ઞાતિમાં ગવાતા લગ્નગીતોનાં પ્રકારો :

- ગણેશ બેસાડવાના / સ્થાપનનાં ગીતો
- સગાઈ/સાકરપુડાના ગીતો
- લગ્ન જોવડાવવા / લખતી વખતનાં ગીતો
- સાંજીના /બેઠકના ગીતો
- માંડવાનાં /માણેકસ્તંભ રોપે ત્યારના ગીતો
- પીઠીનાં ગીતો
- ભાત/ઘાણ ખાંડે ત્યારના ગીતો
- ગ્રહશાંતિના ગીતો
- મોસાળાનાં ગીતો
- ફૂલેકુ/વરઘોડાના ગીતો
- જાન રસ્તે જતી વખતેનાં ગીતો

- ◈ જાન માંડવામાં આવે ત્યારે ગવાતાં ગીતો
- ◈ પોંખણાના, માયરાના અને હસ્તમેળાપનાં ગીતો
- ◈ કન્યાને કપડા આપે ત્યારે ગવાતા ગીતો
- ◈ કન્યાવિદાયના ગીતો
- ◈ આણાંના ગીતો
- ◈ પરભાતિયાં /ભરૂલિયાં
- ◈ વરધ ભરવા જતી વખતે ગવાતાં ગીતો
- ◈ હળદળ દળતી વખતેનાં ગીતો
- ◈ ફટાણાં

### ◈ ગણેશ બેસાડવાનું ગીત :

લગ્ન જેવો મંગળ પ્રસંગે રંગેચંગે નિર્વિઘ્ને પાર પડે તે માટે ગ્રામનારીઓ લગ્ન પ્રસંગ સૌ પ્રથમ ગૌરીપુત્ર ગણેશને ગીતો દ્વારા વધામણા આપે છે. બ્રાહ્મણો ભલે પરંપરાગત શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ગણપતિનું સ્થાપન કરે પણ લોક નારીઓ તો પોતાની કલ્પનાના દુંદાળા દેવ ગણેશની સ્થાપના તો લગ્નગીતો ગાઈને જ કરવાની.

અહીંના માછીસમાજના લોકો ભીત પર ગણેશજીનું ચિત્ર અંકિત કરાવતા નથી પરંતુ લગ્નપ્રસંગની વિવિધ વિધિઓ શરૂ કરતાં પહેલા તેઓ ગણેશજીનું સ્મરણ જરૂર કરે છે અને ગીતો પણ ગાય છે.

***ગણપતિ ઉપર ચોપડેલ સિંદૂર રે,***
***આજ રે ગણપતિ પૂજા કોણ કરી સે.***
***આવ્યા હતા સુરેશભાઈ કુંવર રે,***
***ગણપતિ પૂજા તો તેણે કરી સે.***
***ગણપતિ ઉપર ચોપડેલ સિંદૂર રે,***
***આજ રે ગણપતિ પૂજા કોણ કરી સે.***

આવ્યા હતા ગજરાબેનના કુંવર રે,

ગણપતિ પૂજા તો તેણે કરી સે.

આવ્યા હતા શૈલેષભાઈના વીરા રે,

ગણપતિ પૂજા તો તેણે કરી સે.

મિનલબેન જિતેન્દ્રભાઈ માછી, ખતલવાડા

ઉ.વ.૨૮, તા.૦૨/૦૭/૨૦૧૪

◈◈◈

પરથમ ગણેશ બેસાડો રે,

મારા ગણેશ દુંદાળા રે

ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા રે

મારા ગણેશ દુંદાળા રે

ગણેશજી વરદાન દેજો રે,

મારા ગણેશ દુંદાળા રે

ગણેશ દુંદાળા ને ફાંદે રૂપાળા રે

તેત્રીસ કરોડ દેવતા સીમાડાએ આવ્યા રે

હરખાણા થયા સે ગૌરીનાં મનડાં રે

મારા ગણેશ દુંદાળા રે

ઊઠો ગણેશજી ને ઊઠો પરમેસરે

તમો આવો તો મારે રંગ રેશે રે

મારા ગણેશ દુંદાળા રે

લગન વેવાહને જગન જનોઈ

પરથમ ગણેશ બેસાડું રે

મારા ગણેશ દુંદાળા રે.

*લતિકાબેન નવીનભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૩૦, તા.૨૭/૦૯/૧૫*

◈◈◈

*ગણેશ પાટે બેસાડિયે,*

*ભલે નીપજે પકવાન,*

*સગાં સંબંધી તેડીએ,*

*જો પૂજ્યા હોય મોરાર.*

*કલ્પનાબેન સંદેશભાઈ માછી,પળગામ*

*ઉ.વ.૩૧, તા.૦૭/૦૧/૧૫*

◈◈◈

## ◈ સગાઈ/સાકરપુડાના ગીતો :

વરકન્યા એકબીજાને લગ્ન માટે પસંદ કરી લે છે ત્યાર બાદ પસંદગી થયા પછી બંને પક્ષની સંમતિથી યોગ્ય સમયે લગ્ન થાય છે. લગ્નપૂર્વે સગાઈની વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગે વિવિધ ગીતો ગાવામાં આવે છે જે નીચે મુજબ છે :

*"અમારી રે તુલસીના કયા ગામના માગાં,*

*અમારી રે તુલસીના ટેંભી ગામના માગાં,*

*ટેંભી ગામના માગાં પપ્પા પાછા વાર*

*તુલસી રમેવા લાગી.*

*ટેંભી ગામના માગાં પપ્પા બાજોઠે બેસાડ*

*તુલસી રમેવા લાગી.*

*એકે ભરે રે જુવાર[1] બીજી ભરે રે ઉઢાણ[2]*

*તુલસી રમેવા લાગી.*

*અમારી રે તુલસીના કયા ગામના માંગા,*

*અમારી રે તુલસીના સંજાણ ગામના માંગાં*

*સંજાણ ગામના માગાં મમ્મી પાછા વાર*

*તુલસી રમેવા લાગી,*

*સંજાણ ગામના માગાં મમ્મી આંગણે બેસાડ*

*તુલસી રમેવા લાગી.*

*એકે ભરે રે જુવાર બીજી ભરે રે ઉઢાણ*

*તુલસી રમેવા લાગી.*

*કાન્તાબેન ભાસ્કરભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૭૦, તા.૧૯/૦૨/૧૪*

૧. જુવાર– ભરતી

૨. ઉઢાણ – ઓટ

### ◈ લગ્ન જોવડાવવાના ગીતો :

લગ્નનો દિવસ નક્કી કરવા માટે બંને પક્ષ તરફના વડીલો ભેગા મળી બ્રાહ્મણની હાજરીમાં લગ્ન માટેનો દિવસ નક્કી કરે છે તેને લગ્ન જોવડાવવું કહે છે. આ વિધિ માટેના પણ ગીતો ગાવામાં આવે છે.

*“આજ તો મારી કઈ બેનીનું*

*લગન લખાય રે*

*આજ તો મારી નિમિષાબેનનું*

*લગન લખાય રે*

*લગ્ન લખાય ને બેનીનો*

*હરખ ન માય રે*

*આજ તો મારા કયા ભાઈના ઘરે*

*લગ્ન લખાય રે*

*આજ તો મારા બટુક ભાઈના ઘરે*

*લગન લખાય રે*

*લગન લખાય ને પિતાનો*

*હરખ ન માય રે*

*આજ તો મારી કઈ બેનુંના ઘરે*

*લગન લખાય રે*

*આજ તો મારી સુમનબેનુંના ઘરે*

*લગન લખાય રે*

*લગન લખાય ને માતાનો*

*હરખ ન માય રે.*

*મંજુલાબેન અર્જુનભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૬૫, તા.૨૨/૨/૧૪*

## ◈ સાંજીના ગીતો / બેઠકના ગીતો :

સાંજીના ગીતો લગન લખાયા પછી ગવાતા હોય છે. આ ગીતો સાંજ ઢળતા ગવાતા હોવાથી એને સાંજીના ગીતો કહેવામાં આવે છે. માછીજ્ઞાતિમાં તેને બેઠકના ગીત તરીકે ઓળખવામાં આવે છે.

*દરિયાની કાંઠે મીઢોલી રે*

*મીઢોલીના મીઢોલા તો લાયગા રે જાદવરાય*

*ભાઈ મોરો ભાઈ ને વીનવે રે*

*ભાઈ મને નાનેરા પરણાવજો જાદવરાય*

*નાનેરા પરણાવવાની હોશ જો જાદવરાય*

*છોકરા મોરા તો ફૂવાઓને વીનવે રે*

*ફૂવા મને નાનેરા પરણાવજો રે જાદવરાય*

*નાનેરા પરણાવવાની હોશ જો જાદવરાય.*

*દક્ષાબેન લક્ષ્મણભાઈ માછી,ખતલવાડા*

*ઉ.વ.૪૨, તા.૨/૨/૧૫*

## ◈ માંડવાના ગીતો :

લગ્નપ્રસંગે બ્રાહ્મણ પાસે શુભ મુહૂર્ત જોવડાવીને લગ્નના આગળના દિવસે વરકન્યાને આંગણે મંડપારોપણની વિધિ કરવામાં આવે છે. લોકબોલીમાં માંડવા નામે ઓળખાય છે. આ વિધિ દરમિયાન ગવાતા ગીતો નીચે મુજબ છે.

*ભાઈનો માંડવ ભરી ગયેલો ગાજે રે,*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*વીંટી પેરી ભાઈ રમેવા ના જતા રે,*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*તારા સસરા ગામના ધુતારા રે,*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*તારા સસરા વીંટી લેશે જોખી[1] રે.*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*ભાઈનો માંડવ ભરી ગયેલો ગાજે રે,*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*વીંટી પેરી ભાઈ ફરવા ના જાય રે,*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*તારી સાસુ ગામની ધુતારણ રે,*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*તારી સાસુ વીંટી લેશે જોખી રે,*

*ઘુંઘરીયાળી વીંટી રે.*

*ભાઈનો માંડવ ભરી ગયેલો ગાજે રે,*
*ઘુંઘરીયાળી વીંટી રે.*

*તિરૂમકીબેન ભગુભાઈ માછી, ટેંભી*
*ઉ.વ.૭૫ તા.૨૩/૦૨/૨૦૧૪*

*૧. જોખી – લઈ લેશે*

◈◈◈

## ◈ માણેકસ્તંભ રોપે ત્યારના ગીતો :

લગ્નપ્રસંગે માંડવો નખાય ત્યારે જ માણેકસ્તંભ રોપવાની વિધિ કરવામાં આવે છે. અમુક જ્ઞાતિએ આ વિધિમાં વિવિધતા જોવા મળે છે. માછીજ્ઞાતિના લોકો અહીં ઉમરાની ડાળી લાવી તેને હળદર કંકુનો ચાંદલો કરી આંબાનાં પાન વીંટાળી તેને વિધિપૂર્વક ખાડો ખોદી તેમાં પાણી રેડી, સોપારી, ચોખા અને પૈસા મૂકી તેમાં ઉમરાની ડાળી રોપવામાં આવે છે. માણેકસ્તંભની સ્થાપના પ્રસંગે બહેનો એકઠી થાય છે અને ગીતો ગાય છે.

*ઊંચા માંડવા રોપાવો,*
*લીલી તોરણ બંધાવો મોરા રાજ.*
*સારી રીતે માણેક સ્તંભ,*
*રોપાવો મોરા રાજ.*
*ઝીણા બનેવીને તેડાવો,*
*ગજરા બેનુને તેડાવો મોરા રાજ.*
*સારી રીતે માણેકસ્તંભ,*
*સ્થપાવો મોરા રાજ.*

*જગદીશ ફૂવાને તેડાવો,*

*સુમન ફૂઈને તેડાવો મોરા રાજ.*

*સારી રીતે માણેકસ્તંભ,*

*સ્થપાવો મોરા રાજ.*

*નીતાબેન રમેશભાઈ માછી, ટેંભી*

*ઉ.વ. ૪૦ તા.–૭/૭/૧૪*

## ◈ પીઠીનાં ગીતો :

પીઠીની વિધિ એ વરપક્ષ અને કન્યાપક્ષ એમ બંનેના પ્રસંગમાં હોય છે. વરરાજા અથવા કન્યાને શરીરે પીઠી ચોળે છે. જેથી તે શ્વેત, સુંવાળા અને ચમકતા દેખાય. આ પીઠીને વિદેશનાં પિયર્સ સાબુની જરૂર પડતી નથી. કહેવાય છે કે પીઠીમાં વીજળીક બળ ઉત્પન્ન કરવાની અને કામદેવને આહ્‌વાન કરવાની ભારે મોટી શક્તિ સમાયેલી છે. આ વિધિ વખતે ગીતો ગાવામાં આવે છે.

*વાણે વટીયા નિમિષભાઈના ભાઈ રે*
*વાણે ચઢીને લાવ્યા હળદુ રે*
*હળદુ ખાડીને કીધો દાણો રે*
*દાણે દળીને કીધી પિત્તડી રે*
*પિત્તડી કાલવીને કીધો રોરો રે*
*ઓરો સોરો નિમેષભાઈના અંગે રે*
*આ પણ સોરો શોરીના અંગે રે.*

*વાણે વટીયા નિમિષભાઈના મામા રે*
*વાણે ચઢીને લાવ્યા હળદુ રે*
*હળદુ ખાડીને કીધો દાણો રે*

*દાણે દળીને કીધી પિત્તડી રે*

*પિત્તડી કાલવીને કીધો રોરો રે*

*ઓરો સોરો નિમેષભાઈના અંગે રે*

*આ પણ સોરો શોરીના અંગે રે.*

*સુમનબેન બટુકભાઈ માછી, ટેંભી*

*ઉ.વ. ૫૦ તા.–૭/૩/૧૫*

◈◈◈

## ◈ ભાત / ધાણ ખાંડે ત્યારના ગીતો :

લગ્નના આગલા દિવસે વર–કન્યા બંનેના ઘરે આ ભાત /ધાણ ખાંડવાની વિધિ કરવામાં આવે છે. આ વિધિપૂર્વક ખાંડવામાં આવેલા ભાતથી વરકન્યાને વધાવવામાં આવે છે. આ સમયે જ ગીત ગાવામાં આવે છે જે નીચે મુજબ છે.

*પપ્પા સાગ સીસમ વેરાવીએ રે,*

*તેમાં સોનાનાં પાટીયા પડાવીએ રે,*

*તેનો રતનો બાજટડો ઘડાવીએ રે,*

*તેમાં ઘાણનો સહેરો લખાવીએ રે,*

*તેમાં ચોખાથી ચોક પુરાવીએ રે,*

*તેમાં રતનો બાજટડો મેલાવ્યે રે,*

*તેમાં જિજ્ઞેશભાઈ દેસાઈને બેસાડીએ રે.*

*માલાબેન અમરતભાઈ માછી, ટેંભી માછીવાડ*

*ઉ.વ. ૫૫ તા.0૪/0૩/૨0૧૬*

## ◈ ગ્રહશાંતિના ગીતો :

ગ્રહોની શાંતિ માટે કરવામાં આવતું આ પૂજન વર અને કન્યા બંનેના ઘરે થાય છે. બ્રાહ્મણ માતા–પિતા સાથે વરકન્યાને બેસાડી પૂજન કરાવે છે. આ સમયે ગીતો ગાવામાં આવે છે.

*વલસાડ શેરેથી ગોરી મટોડી મંગાવો રે,*
*તેની રૂડી ચોરી થંપાવો રે,*
*ત્યાં રૂડાં બાજઠિયાં મંડાવો રે,*
*ત્યાં રૂડાં સોખાની સોખ પુરાવો રે,*
*ત્યાં રૂડી કંકુડાની છાંટ નંખાવો રે,*
*ત્યાં રૂડા શ્રીફળ હોમાવો રે,*
*આઠ–દસ સહિયરોને બોલાવો રે,*
*ત્યાં રૂડાં ગીતડાં ગવડાવો રે.*

*માલાબેન અમરતભાઈ માછી, ટેંભી*
*ઉ.વ. ૫૫ તા.૦૪/૦૩/૨૦૧૬*

## ◈ મોસાળાંના ગીત :

લગ્નવિધિમાં મોસાળું–મામેરું મહત્ત્વનું છે. બહેનને ત્યાં અવસર આવે એટલે ભાઈ મોસાળું લાવ્યા વિના રહે જ નહિ, એવી અનુપમ સાંસ્કૃતિક પ્રણાલિકા સ્નેહ અને મમત્વનો બેનમૂન પડઘો પાડે છે. જેના સ્નેહાળ ખોળે પોતે બાળપણ ગાળ્યું હોય એવાં મોટા બહેનને અથવા જેને ખોળામાં લઈને રમાડી હોય એવી નાની બહેનને પ્રસંગે યથાશક્તિ દેવામાં ભાઈ નિજનું સૌભાગ્ય સમજે છે. આ સમાજમાં પણ લગ્ન સમયે મામાપક્ષ મોસાળુ લઈ આવે છે. આ મોસાળાની વિધિ દરમ્યાન ગીતો ગાવામાં આવે છે.

*ભાઈ તારા મામા દેસાઈ સરખા રે,*
*કારૂડી આંબો મોરયો.*

*ભાઈ તારા આવશે મામા મામી જોડે રે,*
*કારૂડી આંબો મોરયો.*
*ત્યાંથી લાવશે મોસાડાની જોડ રે,*
*કારૂડી આંબો મોરયો.*
*ભાઈ તારા મંડપે મોસાડા મેલાયા રે,*
*કારૂડી આંબો મોરયો.*
*ભાઈ તારા મોસાડા પેરીને બતાવો રે,*
*કારૂડી આંબો મોરયો.*

*કાન્તાબેન ભાસ્કરભાઈ માછી, ટેંભી*
*ઉ.વ. ૭૦ તા.૨૭/૦૨/૧૪*

### ◈ ફુલેકુ / વરઘોડાનાં ગીતો :

ફુલેકું એટલે જ વરઘોડો. હિંદુ સમાજમાં પ્રત્યેક જાતિમાં વરઘોડાની પ્રથા ખૂબ જાણીતી છે એટલું જ નહીં અત્યંત પ્રાચીન પણ છે. લગ્નપ્રસંગે વરરાજાને શણગારેલા ઘોડા ઉપર બેસાડી વાજતેગાજતે ગામ આખામાં તેમનું ફુલેકું ફેરવવામાં આવે છે. આ જ્ઞાતિમાં કન્યાનું ફુલેકુ કરવામાં આવતું નથી. પરંતુ વર જ્યારે જાન લઈ કન્યાના ઘરે નીકળે છે ત્યારે તેનો વરઘોડો કાઢવામાં આવે છે. આ સમયે જાનડીઓ વિવિધ ગીતો ગાય છે.

*"ધર્મેશભાઈ નાના રે નાના ઘોડે ચડ્યા રે,*
*તેના ભાઈ સંગાથે ઘોડે ચડ્યા રે,*
*તેની ભાભીના ખોળામાં અસ[1] ભરયું તસ[2] ભર્યું*
*કાજળ કંકુ ભરયું પિત્તળ લોટા જળે ભરયા.*

*ધર્મેશભાઈ નાના રે નાના ઘોડે ચડ્યા રે,*

*તેના બનેવી સંગાથે ઘોડે ચડ્યા રે,*

*તેની બેનીના ખોળામાં અસ ભર્યું તસ ભર્યું*

*કાજળ કંકુ ભરયું પિત્તળ લોટા જળે ભરયા.”*

*માલાબેન અમરતભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૫૫ તા.૪/૩/૨૦૧૬*

*અસ – આ*

*તસ – તે*

### ◈ જાન રસ્તે જતી હોય ત્યારે ગવાતા ગીતો :

જાન રસ્તે જતી હોય ત્યારે રસ્તો જલ્દીથી ખૂટે એ માટે જાનડીઓ વિવિધ ગીતો ગાય છે.

*“પાતળી સોટીનો મોગરો રે,*

*એ તો વરરાજા પરણેવા જાય.*

*કોણ તે રાજાના છોકરા રે,*

*એ તો વરરાજા પરણેવા જાય.*

*બટુક તે રાજાના છોકરા રે,*

*એ તો વરરાજા પરણેવા જાય.*

*સાગ સીસમના બે ઢોલિયા રે,*

*એ તો શેરી ગજાવતા રે જાય.*

*ડાઢી તો લવી [1] લવી જાય રે*

*એ ના ફૂલડાં તો ખરી ખરી જાય.*

*ફૂલડાં તો ખરી ખરી જાય રે,*

*અમારા કુંવારા તો વણી વણી લેય,*

*કુંવારા તો વણી વણી લેયો રે,*

*અમારા કુંવારાની હરખોના થાય."*

*માલાબેન અમરતભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૫૫ તા.૪/૩/૨૦૧૬*

## ◈ જાન માંડવામાં આવે ત્યારે ગવાતા ગીતો :

વરપક્ષના વ્યક્તિઓ જાન લઈ નાચતે–ગાજતે કન્યાના ઘરે પહોંચે છે. અહીં જાનનું સ્વાગત કરવામાં આવે છે, ત્યારે કન્યાપક્ષ અને વરપક્ષ બંને તરફથી ગીતો ગવાય છે.

*"કેહરિયો જાન લઈ આવ્યો રે,*
*કેહરિયો જાન લઈ આવ્યો રે,*
*જાનમાં તો આયવા છે મુનશી*
*એ તો માંગે બેસવા ખુરશી,*
*રેશમની ઝૂલ વાળી રે,*
*કેહરિયો જાન લઈ આયવો રે.*

*જાનમાં આયવા છે મોટાઓ,*
*એ તો માંગે દૂધના લોટાઓ*
*એલચીને કેસરવાળા રે*
*કેહરિયો જાન લઈ આયવો રે.*

*જાનમાં તો આયવા છે ગોરા વેવાણ*
*વેવાણ તમે આવો તો ઓરા,*
*સોનાના ઢારવાળા રે*

*કેહરિયો જાન લઈ આયવો રે."*

*તિરૂમકીબેન ભગુભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૭૫, તા.૭/૩/૧૪*

## ◈ પોંખણાના, માયરાના અને હસ્તમેળાપના ગીતો :

કન્યાના માંડવામાં વરરાજાનું સ્વાગત થયા બાદ વરરાજાને પોંખવામાં આવે છે અને ત્યારબાદ હસ્તમેળાપ માટે વરરાજાને માયરામાં બેસાડવામાં આવે છે. આ દરેક વિધિ માટે ગીતો ગાવામાં આવે છે.

*"માયરામાં પહેલું મંગળિયું વરતાય રે,*
*પેલે મંગળ સોનાના દાન દેવાય રે*
*માયરામાં બીજું મંગળિયું વરતાય રે,*
*બીજે મંગળ ગાયોના દાન દેવાય રે*
*માયરામાં ત્રીજુ મંગળિયું વરતાય રે*
*ત્રીજે મંગળ ચાંદીના દાન દેવાય રે*
*માયરામાં ચોથું મંગળિયું વરતાય રે,*
*ચોથે મંગળ કન્યાના દાન દેવાય રે."*

*કાન્તાબેન ભાસ્કરભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૭૦, તા.૧૦/૦૨/૨૦૧૪*

## ◈ કન્યાને કપડા આપે ત્યારનાં ગીત :

લગ્નપ્રસંગે વરપક્ષ તરફથી કન્યા માટે વિવિધ ઘરેણાંઓ અને કપડા લઈ જવામાં આવે છે અને રીત કરનાર સ્ત્રી કન્યાને હસ્તમેળાપ પહેલા કપડા અને દાગીના આપે છે. એ પહેરીને કન્યાને લગ્ન માટે તૈયાર કરવામાં આવે છે. આ વિધિ દરમ્યાન ત્યાં હાજર સ્ત્રીઓ ગીત ગાય છે.

*"સાસરેની સાડી આવી પેરો રે મારી પૂજાબેન,*
*જાઈને દેખાડો તમારા ભાઈને મારી પૂજાબેન,*
*ભાઈને ગમશે તો અમને ગમશે રે મારી પૂજાબેન,*
*ના ગમશે તો તમારી સાસુ ઉપર લાખો [1] રે મારી પૂજાબેન*
*સાસરે ના ચણિયા આવ્યા પેરો રે મારી પૂજાબેન,*
*જોઈને દેખાડો તમારી ભાભીને મારી પૂજાબેન,*
*ભાભીને ગમશે તો અમને ગમશે રે મારી પૂજાબેન,*
*ના ગમશે તો તમારી નણંદ ઉપર લાખો રે મારી પૂજાબેન."*

*નીતાબેન રમેશભાઈ માછી, ટેંભી*
*ઉ.વ.૪૦, તા.૨૫/૨/૨૦૧૫*

*લાખો – નાંખો*

## ◈ કન્યાવિદાયનાં ગીતો :

જેમ જેમ વિદાયની ક્ષણ નજદીક આવતી જાય છે તેમ તેમ વાતાવરણ ગમગીન થતું જાય છે. આ પ્રસંગ ખૂબ જ કરુણ હોય છે. હળવાં હળવાં ડૂસકાં સાથે કન્યા પોતાના પરિવારથી વિદાય લે છે એ સમયે વિવિધ ગીતો ગાવામાં આવે છે.

*"અમે આપ્યું છે નાનેરું બાળ,*
*સંભાળીને રાખજો રે,*
*મારા પપ્પાનું ગુલાબનું ફૂલ*
*સંભાળીને રાખજો રે,*
*અમે આપ્યું છે નાનેરું બાળ,*
*સંભાળીને રાખજો રે,*
*મારી મમ્મીનું મોગરાનું ફૂલ,*
*સંભાળીને રાખજો રે,*

*અમે આપ્યું છે નાનેરું બાળ,*

*સંભાળીને રાખજો રે,*

*મારા વીરાનું ચંપાનું ફૂલ,*

*સંભાળીને રાખજો રે.''*

*કાન્તાબેન ભાસ્કરભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૭૦, તા.૧૯/૨/૨૦૧૪*

### ◈ આણાંના ગીત :

કન્યાની વિદાય પૂરી થયા બાદ બીજે દિવસે આણુ કરવામાં આવે છે. પ્રથમ કન્યાપક્ષ તરફથી આણા માટે આવે છે ત્યારે બાર વરપક્ષ તરફથી કન્યાના પિયર આણાં માટે જાય છે. આમ, બંને પક્ષ તરફથી આણાં કરવામાં આવે છે તેથી બંને પક્ષ તરફ ગીતો ગાવામાં આવે છે.

*''જગદીશભાઈ તમે ઘોડલિયું શણગાર (૨)*
*જાવું રે જાવું રે મોટી બેનના સાસરે*
*મોટી બેન તો સુતા રે ઘરના બાર (૨)*
*જાગો રે જાગો રે મોટા ભાઈના બેનુડી*
*ખુટી રે અરોવેલો[૧] બેન તારો હાર (૨)*
*તે પાયતરે[૨] રેઈ તારી ચૂંદડી*
*એકી બોલે મુંગાવું બેન તારો હાર*
*એકી બોલે મંગાવું તમારી ચૂંદડી.''*

*મંજુલાબેન અર્જુનભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૬૫, તા.૦૭/૦૧/૨૦૧૫*

*અરોવેલો – ટીંગાડેલો*

*પાયતરે – ખાટલા નીચે*

## ◈ ફટાણા :

લગ્નગીતોમાં ફટાણાનું મહત્ત્વ પણ અનોખું છે. એના દ્વારા હાસ્યનિષ્પન્ન થાય છે. પરંતુ કયારેક કટાક્ષ પણ આમાં જોવા મળે છે. વાતાવરણની ગંભીરતા આ ફટાણાઓ ઓછી કરી નાખે છે. લગ્નપ્રસંગમાં વિવિધ વિધિઓ દરમિયાન ગીતો ગવાતા હોય છે. તો કયારેક વરપક્ષ કન્યાપક્ષ એકબીજાને નીચા દેખાડવા માટે વિવિધ શબ્દોનો ઉપયોગ કરી ફટાણાં ગાય છે અને લગ્નની અનેરી મઝા લૂંટે છે.

*“રેલગાડી આવી બોમ્બેનો માલ લાવી,*
*જો જો મારી બેની એ તો રેલગાડી આવી,*
*રેલગાડીમાં ભર્યા રીંગણા,*
*વેવાઈઓ બધા ઠીંગણા.... જો...જો....*
*રેલગાડીમાં ભર્યા ગાંઠીયા,*
*વેવાઈઓ બધા બાંઠીયા જો...જો...*
*રેલગાડીમાં ભર્યા ખજૂર,*
*વેવાઈઓ બધા મજૂર જો...જો...*
*રેલગાડીમાં ભરી દૂધી*
*વેવાઈઓમાં નથી બુદ્ધિ જો...જો...*

*શૈલાબેન અમરતભાઈ માછી, પળગામ*
*ઉ.વ.૪૬, તા.૧૨/૧૦/૨૦૧૫*

## ◈ પરભાતિયાં / ભરૂલિયા :

આમ તો ઘણાં સંસ્કારી કુટુંબો પ્રભુ સ્મરણના પ્રભાતિયાંથી રોજિંદા જીવનની શરૂઆત કરે છે, પણ તેમાંયે વિવાહ જેવા શુભ પ્રસંગોએ તો ખાસ પ્રભાતિયાં ગાવાનો આપણી ઘણી કોમોમાં રિવાજ છે. માછી સમાજમાં પ્રભાતિયાંને ભરૂલિયા તરીકે ઓળખવામાં આવે છે. તેઓ લગ્નના આગલા દિવસથી ભરૂલિયા ગાય છે.

*"સવારના પોર[1] માં પરભાતિયાં રે (૨)*
*કયા દેવના ગાયે શું રે*
*સવારના પોરમાં પરભાતિયા રે (૨)*
*વાગ્યાદેવ ના ગાયે શું રે*
*સવારના પોરમાં પરભાતિયાં રે (૨)*
*કઈ દેવીના ગાયે શું રે*
*સવારના પોરમાં પરભાતિયાં રે (૨)*
*ભવાની માયના ગાયે શું રે*
*સવારના પોરમાં પરભાતિયાં રે (૨)*
*કયા વીરાના ગાયે શું રે*
*સવારના પોરમાં પરભાતિયાં રે (૨)*
*શૈલેષવીરાના ગાયે શું રે*
*સવારના પોરમાં પરભાતિયાં રે (૨)*
*કઈ બેની ના ગાયે શું રે*
*સવારના પોરમાં પરભાતિયાં રે (૨)*
*નિલમ બેનીના ગાયે શું રે."*

*સુમિત્રાબેન ધીરજભાઈ માછી, ખતલવાડા*
*ઉ.વ.૩૬, તા.૦૫/૦૩/૨૦૧૪*

૧. પોર– પહોર

## ◈ વરધ લેવા જતી વખતેના ગીતો :

સ્ત્રીઓ લગ્નની વિધિમાં વાપરવા માટે કુંભારના ઘરેથી માટીના નાના–મોટાં માટલાંઓ લઈ આવે છે. જેને વરધ લાવવાની વિધિ કહેવામાં આવે છે. ગામની સ્ત્રીઓ ભેગી મળી વરધ લેવા માટે જાય છે તે વખતે તેઓ ગીતો ગાય છે.

*"ગોગેની માટી મંગાવો રે લાડકલા,*
*તેની રૂડી વરઘ ઘડાવો રે લાડકલા.*
*એની વરઘ અરઘે[1] રે ભાઈના પપ્પા લાડકલા,*
*વરઘુના મૂલ સાટકલા[2] કરો રે લાડકલા,*
*વરઘુ અરઘે ભાઈ તારી મમ્મી લાડકલા,*
*વરઘુના પૈસા ખરસે તે તારા પપ્પા લાડકલા,*
*આપણા ઘરે કયા ભાઈના વેવા રે લાડકલા."*

*કાન્તાબેન ભાસ્કરભાઈ માછી, ટેંભી*
*ઉ.વ.૭૦, તા.૭/૦૧/૨૦૧૫*

૧. અરઘે– લેવું, ખરીદવું

૨. સાટકલા – પૈસા ચૂકવવા

### ◈ હળદળ દળતી વખતનો ગીત :

લગ્ન સમયે વર–કન્યાને લગાવવામાં આવતી પીઠી માટેની હળદળ લગ્ન અગાઉ તૈયાર કરવામાં આવે છે. એ માટે સગાઈના દિવસે બધી સ્ત્રીઓ ભેગી મળી હળદળ વાટે છે અને ગીતો ગાય છે તેમજ દળેલી હળદળથી બધા રંગાય છે.

*"રણઝણ કરતો રે ભમરો ઊડી ગયો રે*
*જાય બેઠા અરઘુ[1]ના છોડ રે,*
*કે ભમરો ઊડી ગયો રે,*
*આટલી અડઘુ ભોજાઈ શું કયરી[2]*
*લાડકો તો દિયર પરણે ત્યાં તો મારે જોઈએ.*
*કે ભમરો ઊડી ગયો રે.*
*રણઝણ કરતો રે ભમરો ઊડી ગયો*
*જાય બેઠા કંકુવરના છોડ રે*

*કે ભમરો ઊડી ગયો રે.*

*આટલી કંકુ ભોજાઈ શું કયરી,*

*લાડકો તો દિયર પરણે ત્યાં તો મારે જોઈએ.*

*કે ભમરો ઊડી ગયો રે.*

*રણઝણ કરતો રે ભમરો ઊડી ગયો રે*

*જાય બેઠા કાજરવરના છોડ રે.*

*કે ભમરો ઊડી ગયો રે.*

*આટલી કાજલ ફૂઈ શું કીધી,*

*લાડકો ભત્રીજો પરણે ત્યાં તો મારે જોઈએ.*

*કે ભમરો ઊડી ગયો રે.*

*રણઝણ કરતો રે ભમરો ઊડી ગયો."*

*તિરૂમકીબેન ભગુભાઈ માછી, ટેંભી*

*ઉ.વ.૭૫, તા.૦૫/૦૩/૨૦૧૪*

૧. અરધુ– હળદળ

૨. કયરી – શું કરશો

## ❖ લગ્નગીતોમાં મનોભાવો :

લગ્નગીતોમાં રજૂ થતાં મનોભાવો એ કોઈ એક વ્યક્તિ દ્વારા રજૂ થતાં નથી. પરંતુ જયારે ગીત ગવાતું હોય ત્યારે એ ગીતમાં વ્યક્ત થતા ભાવોએ વ્યક્તિના બની જાય છે. પહેલાનાં સમયમાં કન્યા લગ્ન પહેલા પોતાના વરને મળી શકતી ન હતી કે જોઈ પણ શકતી નથી તેથી એને એ પણ ખબર ના હોય કે તેનો પતિ કેવો હશે ! પોતાના પતિની પસંદગી કેવી રીતે કરવી એ કોઈને કહી પણ શકતી નથી. પણ આપણાં લગ્નગીતોની રચના એવી છે કે જેમાં કન્યાના આંતરમનમાં ચાલતા મનોભાવો આ લગ્નગીતો કરી

વ્યક્ત કરી દે છે. કન્યાની ઈચ્છા મુજબનો વર કેવો હોવો જોઈએ તેની વાત પણ આ લગ્નગીતમાં થઈ છે.

*"માતા દાદાને આટલી વિનવણી,*
*દાદા જોવો જમાઈ તો એવા જોજો,*
*જેમાં રામ એવા ગુણ એવા ભોળાને રૂપવાન."*

તો વળી એક ગીતમાં આવા મનોભાવો કન્યા નિખાલસભાવે રજૂ કરે છે. એ પોતાના દાદાને કહે છે કે એક ઊંચો, એક નીચો, એક કાળો એક ધોળો વર મારે નથી જોઈતો. ત્યારે આ કન્યાને કેવો વર જોઈએ છે તેની વાત આ ગીતમાં થઈ છે.

*"એક કેડે પાતડીઓ ને મુખે શામળિયો*
*મારી સૈયરે તે વખાણીયો."*

આમ, લગ્નગીતોમાં વ્યક્ત થતી મનોભાવોમાં એ માત્ર વર–કન્યાના જ નથી હોતા, પરંતુ ત્યાં ઉપસ્થિત રહેતા સૌ કોઈના તે બની રહે છે. આ સિવાય પણ બીજા ઘણા ગીતોમાં વર–કન્યાના આંતર મનોભાવો વ્યક્ત થતાં જોઈ શકીએ છીએ.

## ◈ લગ્નગીતોની ભાવસૃષ્ટિ :

કોઈપણ સાહિત્ય એ રસ–ભાવ વગરનું સંભવી શકે નહીં, પછી એ લોકસાહિત્ય હોય કે શિષ્ટ સાહિત્ય હોય. લોકસાહિત્યનાં લોકગીતો અને તેમાંય આ લગ્નગીતો તો ભાવવિહિન કેવી રીતે હોઈ શકે? જેમાં શૃંગાર, હાસ્ય, કરુણ અને શાંત જેવા ભાવો અહીં જોવા મળે છે.

### ✱ શૃંગાર :

લગ્નગીતોમાં વ્યક્ત થતાં કુટુંબીજનોના હર્ષ અને આનંદોલ્લાસના, જાનના વૈભવ વર્ણનમાં શૃંગારના ભાવનું નિરૂપણ જોઈ શકાય છે. અહીં વર કન્યા માટે વિવિધ વસ્તુઓ લઈ જાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

*"નદીને કિનારે રાઈવર પતંગ ઉડાડે,*
*આવ્યો પવનનો ઝોલો તૂટ્યો પતંગનો દોરો*
*નદીને કિનારે રાઈવર સોનીડા તેડાવે,*
*સોનીડા તેડાવે રાઈવર એરિંગ ઓરાવે,*
*પહેલો નિલમ વહુરાણી લાવ્યા તમારા સ્વામી,*
*લાવ્યો અમારો વીરો, નદીને કિનારે રાઈવર પતંગ ઝુવારો."*

✱ **હાસ્ય :**

લગ્નગીતોમાં ખાસ કરીને આ ભાવ ફટાણામાં આવે છે. ફટાણા આમ તો કટાક્ષમય હોય છે. ફટાણામાં હાસ્યનો ભાવ જોવા મળે છે. એમાં સામે વાળાની સ્થિતિ દયાજનક બનાવીને પણ હાસ્ય જન્માવાય છે. અહીં ગીતો બોલનારને આનંદ આવે અને ગીતો સાંભળનારની સ્થિતિ દેડકા જેવી થાય છે.

*"એ વર તારા અણવરમાં નહિ દમ*
*કે અણવર લજામણો રે*
*એનાં ખિસ્સા ખાલીખમ*
*કે અણવર લજામણો રે."*

આમ, લગ્નગીતોમાં ફટાણાને લીધે હાસ્યનો ભાવ પણ જન્મે છે.

✱ **શાંત :**

શાંત ભાવ લગ્નગીતોમાં વધારે જોવા મળતો નથી. પરંતુ કેટલાક ગીતો એવા છે કે જેના ગાવાની રીતથી શાંતભાવનો આભાસ ઊભો થાય છે. જેમકે,

*"નાણાવટી રે સાજન બેઠું માંડવડે,*
*લાખો પતિ રે સાજન બેઠું માંડવડે."*

આ રીતે લગ્નગીતોમાં જાન માંડવામાં બેઠી હોય અને લગ્નની વિધિ પૂરી થઈ ગઈ હોય ત્યારે નિરાંતે ગવાતા ગીતોના ઢાળ અને લય ભાવનો આભાસ ઊભો કરે છે. પરંતુ તેનો ખ્યાલ આપણને લગ્નગીત પ્રત્યક્ષ ગાતા સાંભળીએ ત્યારે જ આવે છે.

✱ **કરુણ :**

લગ્નગીતોમાં ખાસ કરીને કરુણ ભાવ કન્યા–વિદાયનાં ગીતોમાં જોવા મળે છે. જે ઘરમાં ઉછરીને કન્યા મોટી થઈ હોય એનો ત્યાગ કરીને પારકા ઘરે જવાનું હોય એ જ મોટી કરુણતા છે, પણ આપણાં સાંસારિક રીતરિવાજ મુજબ એ પ્રક્રિયા અનિવાર્ય પણ છે. કન્યાવિદાયનો પ્રસંગ જ વેદના ગંભીર ગણાય છે. કન્યા–વિદાય પ્રસંગે ગવાતા ગીતો અને આખું વાતાવરણ એટલું કરુણામય બની જાય છે કે જેની પુત્રી વિદાય થઈ રહી હોય એ જ નહીં પણ ત્યાં ઉપસ્થિત રહેલાં સૌ કોઈને આ કરુણતા સ્પર્શી જાય છે. કોઈપણ જાતનો સંબંધ ન હોય છતાં પણ આ પ્રસંગે જે કોઈ હાજર હોય એની આંખમાંથી એકાદ આંસુ તો જરૂર ટપકી પડે. કારણ કે આ પ્રસંગ એવો છે જેની ઘેરી કરુણતા દરેકને સ્પર્શી જાય છે.

*"અમે આપ્યું છે નાનેરું બાળ*
*સંભાળીને રાખજો રે,*
*મારા પપ્પાનું ગુલાબનું ફૂલ,*
*સંભાળીને રાખજો રે."*

આ રીતે કન્યાવિદાયનાં ગીતોમાં કરુણભાવ જોવા મળે છે.

## ◈ લગ્નગીતોમાં કલ્પન અને પ્રતીકો :

લોકગીતમાં તાલ, લય અને સંગીતના તત્ત્વો સાથે ગીતનો ભાવ અને વિષય વસ્તુને કલાત્મક રીતે રજૂ કરવા માટે પ્રતીક અને કલ્પન ઉપયોગમાં લેવાતા હોય છે તે લોકગીતમાં ભળી જઈ ગીતના વિષયવસ્તુ અને ભાવને સૌંદર્યક્ષમ બનાવે છે. આપણા અનેક પ્રાચીન ગ્રંથો કે સંસ્કૃત નાટકોમાંથી પણ કલ્પન અને પ્રતીકનાં કેટલાંયે ઉદાહરણો

મળી રહે તેમ છે. એવી જ રીતે ગુજરાતી લોકગીતોમાં પણ કોઈપણ પ્રકારની સજાગતા કે સભાનતા વિના પ્રયોજાયેલાં કલ્પન અને પ્રતીકનાં દષ્ટાંતો સાંપડી શકે તેમ છે. અહીં આપણે તેના કેટલાંક ઉદાહરણો જોઈએ.

✱ **કલ્પન :**

*"સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે રે*
*વાણલા ભલે વાયા રે."*

પૂર્વ દિશામાંથી સૂરજ ઊગે એ તો સૂરજની નિત્યક્રમ છે. સામાન્ય વાત છે પણ એ સામાન્ય વાત ને અસામાન્ય બનાવીને અહીં રજૂ કરવામાં આવી છે. વહેલી સવારમાં કેવડિયાની ફણશ ઉપર ઝાકળના બિંદુઓ બાઝે છે અને એ બિંદુઓ પર રેલાતાં સૂર્યકિરણોનું પ્રતિબિંબ પડે જાણે કે કેવડિયાની ફણશ જ સૂર્યનું ઉદ્‌ગમસ્થાન બને છે. આમ, અહીં કલ્પન સર્જાય છે.

✱ **પ્રતીક :**

પ્રતીક અંગે હરિવલ્લભ ભાયાણી કહે છે કે, "જ્યારે કોઈ એક વસ્તુ બીજી કોઈ વસ્તુને સ્થાને હોય, તેની સૂચક કે વાચક કે પ્રતિનિધિ હોય. તેની બદલી કે અવેજીમાં કેટલીકવાર તે જ કે તેવી જ ગણાતી કે ગણી શકાતી હોય, ત્યારે એ વસ્તુ બીજી વસ્તુનું પ્રતીક કહેવાય છે."[૧૬] આમ, પ્રતીકના માધ્યમથી પ્રસ્તુત દ્વારા અપ્રસ્તુતાનું સૂચન થતું હોય છે. આપણાં આ લગ્નગીતોમાં પણ ઘણાં પ્રતીકો આવે છે.

*"દાદાને આંગણે વડલો,*
*વડલો ઘોર ગંભીર જો*
*એક તે પાન મે ચૂટિયું,*
*દાદા ગાળ ન દેજો."*

વડલો એ કુટુંબના પ્રતીક તરીકે આવે છે. પોતાના આ વટવૃક્ષ જેવા કુટુંબમાંથી કન્યા એકાદ પાનની જેમ ચૂંટાઈ જાય છે. એટલે કે એકાદ વડલામાંથી એક પાન ઓછું

થઈ જાય છે. એમ અહીં કન્યા પોતાના કુટુંબને છોડીને સાસરે જતી રહે છે. આમ, લગ્નગીતોમાં ઠેરઠેર પ્રતીક જોવા મળે છે.

## ◈ લગ્નપ્રસંગના પ્રતીકો :

લગ્નપ્રસંગે ઉપયોગમાં લેવાતા ઘૂંસળ, મુશળ, સંપુટ, રવૈયો, ઈડીપીડી, ત્રાક વગેરે પ્રતીકો માનવ જીવનનાં ગૂઢ રહસ્યોનો ખ્યાલ આપનારાં બની રહે છે. એટલું જ નહીં પણ વરવધૂને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે કંઈ ને કંઈ કહે છે. આ બધાં પ્રતીકોની પાછળ આર્થિક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ભાવસંકેત છુપાયેલો છે. લગ્નજીવનનું રહસ્યદર્શન કરાવતાં આવાં પ્રતીકો સંસ્કૃતિ અને સમાજનું પણ દર્શન કરાવે છે.

### ✱ ગોત્રદેવતા :

લગ્નના પ્રારંભે વરકન્યાના ઘેર ગણપતિ અને ગોત્રેજની સ્થાપના કરવામાં આવે છે. ગોત્રજ એ કુળદેવી છે. લગ્નપ્રસંગ નિર્વિઘ્ન ઉકેલવા ગણપતિની પૂજા અને શુભાશીર્વાદ માટે કુળદેવી ગોત્રેજનું અર્ચન કરવામાં આવે છે.

### ✱ મીંઢળ :

સંસ્કૃતમાં મદનફળ તરીકે જાણીતું મીંઢળ લગ્નપ્રસંગે વરકન્યાને હાથે અને માણેકસ્તંભ સાથે બાંધવામાં આવે છે. મીંઢળમાં દષ્ટિદોષને વિકેન્દ્રિત કરવાની મોટી શક્તિ છે. મીંઢળ હાથમાં રહેલ મુખ્ય નાડી ઉપર બંધાયેલા હોવાથી રોમછિદ્રો દ્વારા ઝેરી પદાર્થોને દૂર કરે છે કારણ કે તેમાં વિષ દૂર કરવાનો ભારે મોટો ગુણ સમાયેલો છે.

લગ્નપ્રસંગે મોટા જમણવારમાં વરકન્યાના ખોરાકમાં કોઈવાર વિષમય પદાર્થ આવી જાય તો આ મીંઢળ ઉપયોગમાં આવે છે. હાથે મીંઢળ બાંધનાર યુવાન કે યુવતી અનેક લોકોના સમૂહમાં જુદા ઓળખાઈ આવે છે. હસ્તમેળાપ વખતે વરકન્યાના શરીરમાં ઉત્તેજના ન આવી જાય તે માટે પણ મીંઢળબંધન અનિવાર્ય મનાયું છે.

✱ **પીઠી :**

લગ્નપ્રસંગે વરકન્યાને પીઠી ચોળવાની પરંપરા જોવા મળે છે. પીઠી શબ્દ સંસ્કૃત 'પિષ્ટ' અને પ્રાકૃત પિટ્ટ ઉપરથી આવ્યો છે. એનો અર્થ થાય છે વાટેલું અથવા લોટ. ઘઉલા, જવલા, નખલા, કપૂરકાચલી, હળદર, કંકુ, ચણા કે મગના લોટમાં ગુલાબજળ નાખીને પીઠી તૈયાર કરવામાં આવે છે.

પીઠીથી વરકન્યાને ઉજળો વાન અને સૌંદર્ય પ્રાપ્ત થાય છે. ભીના વાનવાળાં વરકન્યા પીઠી ચોળવાની વાને ઊજળાં દેખાય છે અને એનાથી દેહશુદ્ધિ પણ થાય છે. કહેવાય છે કે પીઠીમાં વીજળિક બળ ઉત્પન્ન કરવાની અને કામદેવને આહ્‌વાન કરવાની ભારે મોટી શક્તિ સમાયેલી છે. માછી જ્ઞાતિમાં તો હળદરનાં ગાંઠીયા લાવવામાં આવે છે અને બધા ભેગા મળી તેને સૂકવીને ગીતો ગાતાં ગાતાં ખોડવામાં આવે છે. આમ તેઓ પીઠી માટે હળદળ અને તેલનો ઉપયોગ કરે છે.

✱ **છેડાછેડી :**

કન્યાએ પહેરેલી સાડી ઉપર ચૂંદડી ઓઢાડવામાં આવે છે. આ ચૂંદડીનો છેડો અને વરરાજાની ઉપરણીને સફેદ કપડાંથી છેડાછેડી બાંધવામાં આવે છે. ક્યાંક ક્યાંક છેડાછેડીની ગાંઠમાં ફૂલ, હળદળ, અક્ષત(ચોખા), દુર્વા (ધરો નામનું ઘાસ) અને પૈસો બાંધવામાં આવે છે. એની પાછળની ભાવના એવી છે કે વરવહુ ફૂલ જેવા પ્રસન્ન રહે અને પોતાના સુકર્મોની સુવાસ સમાજમાં ફૂલની જેમ પ્રસરાવે. હળદળ સ્વાસ્થ્યનું પ્રતિક છે. અક્ષત એટલે ચોખા. જીવનમાં અખંડતા, શુદ્ધતા અને સ્નેહભાવ કાયમ રહે તેવી ભાવનાનું પ્રતીક છે. દુર્વા કાયમ લીલીછમ જ રહે છે. ઉનાળાના તડકામાંય ન સુકાય. વરવધૂનો પ્રેમભાવ કાયમી રહે. ઘડપણમાં પણ લીલોછમ રહે તેવી ભાવના વ્યક્ત કરે છે. પૈસો કુટુંબ માટે અને સમાજ વ્યવહારમાં જરૂરી છે. પુરુષાર્થ કરી પ્રામાણિકપણે પૈસો કમાવવાનું સૂચવે છે. આ પાંચ ચીજોમાં ભારતીય સંસ્કૃતિ અનુસાર બીજો અર્થ પણ તારવી શકાય. ગાંઠમાં પાંચ ચીજો બંધાય છે કારણ કે સૃષ્ટિ પંચભૂતોની બનેલી છે.

વરવધૂના શરીર પણ પંચભૂતોનાં બનેલાં છે. પંચભૂતોમાં મળી જવાના છે. બેયના શરીરમાં જે આત્મા છે તે ચૈતન્ય છે એક જ છે અને સારી સૃષ્ટિમાં વ્યાપક છે એ માટે પરસ્પર અનુકુળ થવાય તેવું જ્ઞાન કેળવવું.

**✱ કન્યાદાન :**

વરને કન્યા આપવાની વિધિને કન્યાદાન કહેવામાં આવે છે. નવા જમાનાની કન્યા કદાચ પ્રશ્ન કરે કે કન્યાનું દાન શા માટે? એ કંઈ દાનમાં દઈ દેવાની ચીજ છે? પણ આર્ય સંસ્કૃતિમાં એની પાછળ ઉદાત્ત ભાવના પડેલી જોઈ શકાય છે. મા–બાપને દીકરી આંખની કીકી જેટલી વહાલી હોય છે. તે દીકરીને વહાલથી ઉછેરે છે. ભણાવે છે. સંસ્કાર આપે છે. આવી કાળજાના કટકા જેવી, ઘરના દીવડા જેવી દીકરી અન્યના કલ્યાણ અર્થે આપે એથી મોટું દાન બીજું કયું હોઈ શકે? લગ્ન દ્વારા દીકરી પોતાનો સંસાર માંડે છે. આ કલ્યાણકારી દાન દેવાનો અધિકાર મા–બાપ કે ભાઈને જ હોય છે. દાનની ક્રિયા પાછળ સામાજિક, નૈતિક અને મનોવૈજ્ઞાનિક હેતુ રહેલા છે. માછીજ્ઞાતિમાં પણ કન્યાદાન તેના મા–બાપ દ્વારા જ કરવામાં આવે છે તેમજ આ વિધિમાં કન્યાના માતા પિતાએ કન્યાને તાંબાનું બેડું આપવું ફરજિયાત છે. આ કન્યાદાનની વિધિ બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે.

**✱ હસ્તમેળાપ :**

કન્યા વરના હાથમાં હાથ સોંપીને પોતાની સંપૂર્ણ સ્વતંત્રતા પતિના ચરણોમાં મૂકે છે. પરિણામે ‘હું’ મટી જઈ ‘તુ’ મય થઈ જવાનું . કન્યા પોતાનું સ્વપ્ન અર્પણ કરે. વર પોતાનું ‘સ્વ’ અર્પણ કરે. દાન પ્રદાન કરી બંનેએ એકબીજાનાં હાથમાં હાથ મૂક્યો છે. આનો અર્થ એ છે કે મારી તમામ જવાબદારી તારા હાથમાં છે ને તે તારી સંપૂર્ણ જવાબદારી મારા પર છે. આમાં બંને એ સુખદુઃખ સહકારથી ઉપાડવાનાં છે. હસ્તમેળાપમાં વરકન્યાના પાંચ પાંચ આંગળા સાથે મળે છે. અર્થાત્ લગ્નજીવનમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એમ પાંચે કોષોનું મિલન

થાય છે. આમ, હસ્તમેળાપ દ્વારા વરકન્યા એકબીજા સાથે હાથ મિલાવી આખી જિંદગી સુખદુ:ખમાં સાથે જીવવાના વચન અપાય છે.

**✱ મંગલફેરા :**

મંગલફેરા દ્વારા વરકન્યાનાં જીવનમાં મંગલતા લાવવાનું સૂચન છે. શાસ્ત્ર મુજબ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આમ ચાર પુરુષાર્થ કહ્યા છે. આ ચારમાં પ્રથમ ધર્મનો, બીજો અર્થનો, ત્રીજો કામનો અને ચોથો ફેરો મોક્ષનો છે. મંગળફેરા ફરતી વખતે બંનેના ઉપવસ્ત્રના છેડે ગાંઠ વાળવામાં આવે છે. આ ગાંઠ એ પ્રેમની ગાંઠનું પ્રતીક છે. સંપ, સહકાર અને આનંદથી સાથે મળીને જીવવાનું છે. ચોરીના ચાર ફેરા ફર્યા એટલે પરસ્પર એક બીજાને સમર્પિત થઈને સંસાર જીવનમાં સતત ફરતા રહેવાનું છે. પુરુષાર્થમય જીવનમાં પ્રવૃત્ત થવાનું છે. આવી ભાવના મંગલફેરા પાછળ રહેલી છે.

**✱ વરનમણું :**

વરનમણું એ આર્યસંસ્કૃતિની સ્વાગત ભાવનાનું આગવું પ્રતીક છે. માંડવા પક્ષની સ્ત્રીઓ વરરાજાના સામૈયા વખતે માથે ઈંઢોણી મૂકી તેના પર બેડિયું કરી ઉપર વસ્ત્ર ઢાંકી, વરરાજા ઊભા હોઢ ત્યાં જાય છે અને કળશના પાણી વડે સૌનું સ્વાગત કરે છે. આ બેડિયાને વરનમણું કહે છે. આ વરનમણું એ પૂર્ણકુંભનું પણ પ્રતીક છે. માછીજ્ઞાતિમાં માટીની નાની માટલીનો ઉપયોગ થાય છે. અને નાની કન્યાને માથે ઈંઢોણી મૂકી તેના ઉપર માટીની માટલી મૂકવામાં આવે છે. અને એ પાણી દ્વારા સૌનું સ્વાગત થાય છે.

**✱ વરરાજાનું પોંખણું :**

વરરાજા તોરણે આવે છે ત્યારે કન્યાની માતા એમને પોખવા માટે આવે છે. આ પ્રસંગે ગોરમહારાજ એક થાળીમાં ધૂંસળ, મુશળ, રવૈયો, ત્રાક, તીર વગેરે લઈ કન્યાની માતા હાથમાં આખ્યાણું (દીવડો, કંકુ, સોપારી, અબીલ–ગુલાલ વાળી થાળી) લઈ જાય છે. અને કન્યાની માતા બધી વસ્તુઓ લઈને વરને પોંખે છે. કૃષિ સંસ્કૃતિની આ બધી પ્રતીકાત્મક ચીજો કંઈ ને કંઈ સંદેશો આપે છે.

**✱ ધૂંસળ :**

ધૂંસળ એટલે ધોંસરું કે જાસરું. ખેતીનું આ પ્રધાન અંગ છે અને સહકાર્યનું પ્રતીક છે. ગૃહસ્થાશ્રમ પણ એક ધૂંસળ છે. સ્ત્રી–પુરુષ બંને સંસારરૂપી ગાડાના વાહકો છે. બંને એ જવાબદારીની ધૂંસળ વહન કરવાની છે એમ સંયુક્ત ભાવનાના આદર્શોને વ્યક્ત કરે છે. સજોડ બનવાથી સુખી થવાય અને કજોડ બનવાથી દુઃખી થવાય એવી ભાવના પણ આ પ્રતીક દ્વારા વ્યક્ત થઈ છે.

**✱ મૂશળ :**

મૂશળ એટલે સાબેલું. ખાંડણિયામાં ખંડાયા બાદ અનાજ ખાવા લાયક બને છે. સ્ત્રીપુરુષોએ સમાજમાં સુખ, દુઃખ, હર્ષ, શોકની ખાંડણીમાં ખંડાવું પડે છે. ખંડાવાથી જેમ ડાંગરનાં ફોતરાં દૂર થાય છે તેમ વરકન્યાએ અહંકારરૂપી વિકારો દૂર કરીને જન્મ જન્માંતર માટે સંબંધ બાંધવાનો હોય છે. એકબીજાનાં હૃદયમાં સ્થાન મેળવવાનાં અધિકારી બનવાનું છે. મૂશળની શોધ બળરામજીએ કરી હોવાનું કહેવાય છે.

**✱ રવૈયો :**

રવૈયો એ ગોપ સંસ્કૃતિનું મહત્વનું અંગ ગણાય છે. રવૈયો એ દહીંને વલોવી તેમાંથી માખણ અલગ કરે છે. તેમ ગ્રહસ્થાશ્રમની ગોળીમાં ધર્મ ફરજરૂપી રવૈયાથી સ્વચ્છંદતારૂપી દહીંને વલોવીને પ્રેમ અને સુસ્નેહનું નવનીત તારવવાનું છે. રવૈયાનું પ્રતીક વરને ગાયો પાળવાની, કન્યાને દોહતાં – વલોવતાં ને ઘી તાવતાં શીખવાની પ્રેરણા આપે છે.

**✱ ત્રાક :**

લોઢાની અણીદાર ત્રાકે તો માનવી ઉપર મહાન ઉપકાર કર્યો છે. ત્રાકે સૂતર આપ્યું અને એ સૂતરનાં વસ્ત્રો વડે માનવીએ પોતાની લાજ આબરૂને ઢાંકી છે. આમ ગૃહસ્થાશ્રમ્ની ત્રાકથી પ્રેમનું સૂતર કાતીને સૂતરનાં કાચા તાંતણે વરવધૂએ બંધાવાનું છે.

આ ત્રાક ધનપ્રાપ્તિનું પણ સાધન બને છે. આ સાધન વડે માનવી માટે આર્થિક ઉત્થાનનો યજ્ઞ શરૂ કરવાનો સંકેત સમાયો છે.

**✱ તીર :**

પોંખતી વખતે વપરાતા સળિયાને કેટલાંક તીર તરીકે ઓળખે છે. આ અણીદાર સળિયો દંડનું નિશાન છે. અવિવેક, અમર્યાદાવાળા માનવીને માટે એ અંકુશ છે.

**✱ સંપુટ :**

વરને પોંખતી વખતે છેલ્લી વિધિ સંપુટ ફોડવાની છે. માટીના એક કોડિયામાં દહીં, દૂર્વા, ચોખા કે ડાંગર નાખી તેના પર બીજું કોડિયું ઊંધુ વાળી તેના ઉપર નાડાછડી વીંટવામાં આવે છે. જેને સંપુટ કહે છે. વરરાજા પોતાના પગ નીચે સંપુટ ફોડે છે. સંપુટનો અર્થ એકબીજાની સાથે ઐક્ય સાધવું કે એકબીજામાં સમાઈ જવું એવો થાય છે. માટીના કોડિયાની માફક વરકન્યાનું જીવન સંયુક્ત બને છે. જીવનમાં દુ:ખનાં ઝીણા ઝાડવા ઊગે કે સુખ સાગરમાં સહેલ કરવા મળે તોપણ સાથે રહેવું, જુદાં ન પડવું એવી ઉદાત ભાવના સંપુટ ભેદનની પાછળ સમાયેલી છે.[૧૭]

## ❖ ઉપસંહાર :

આમ, આપણે જોયું કે માછીજ્ઞાતિની લગ્નપ્રથા અને તેમના લગ્નગીતો અને આ લગ્નગીતો પણ અલગ અલગ વિધિઓ અનુસાર ગાવામાં આવે છે. લગ્નપ્રથાની વાત કરીશું તો માછીજ્ઞાતિની લગ્નપ્રથા અન્ય જ્ઞાતિઓ કરતાં થોડી અલગ જોવા મળે છે. પરંતુ વિશેષ તેમા સામ્યતા પણ જોવા મળે છે.

લગ્નપ્રથાની જયાં વાત કરીએ છીએ ત્યારે લગ્નપ્રસંગને રળિયાત બનાવવાનું કામ લગ્નની વિવિધ વિધિઓ રિવાજો તો કરે જ છે પરંતુ લગ્નપ્રસંગને સંવેદનોનાં સુક્ષ્મ તાંતણે ઝુલાવવાનું કામ લગ્નની પ્રત્યેક વિધિના સંદર્ભમાં ગવાતાં લગ્નગીતો કરે છે. એવાં લગ્નગીતોની અહીં રજૂઆત કરવામાં આવી છે.

# ❖ પાદટીપ ❖


| ક્રમ | કૃતિનું નામ | લેખક / સંપાદક | આવૃત્તિ | પેજ નં. |
|---|---|---|---|---|
| ૧. | લોકગુર્જરી(અંક પંદર) | બળવંતજાની,રાજુલદવે | ૨૦૦૦ | ૮૫ |
| ૨. | ગુજરાતનાં લગ્નગીતો | વિનાયક રાવલ | ૨૦૦૪ | ૧૩ |
| ૩. | भारतीय समाज एवं संस्कृति | डॉ. धर्मवीर महाजन, डॉ.श्रीमती कमलेश महाजन | २०१३ | १७० |
| ૪. | મનુસ્મૃતિ | ભૃગુઋષિ | ૨૦૧૦ | ૭૩ |
| ૫. | कौटिल्य – अर्थशास्त्र | डॉ. उर्मिला रूस्तगी | २००७ | १४ |
| ૬. | भारतीय धर्मशास्त्र में कौटिल्य (तृतीय अधिकरण) | डॉ. इन्दिरा गुप्ता | २०१५ | १४९ |
| ૭. | મનુસ્મૃતિ | ભૃગુઋષિ | ૨૦૧૦ | ૭૩ |
| ૮. | મનુસ્મૃતિ | ભૃગુઋષિ | ૨૦૧૦ | ૭૩ |
| ૯. | એજન | ” | ” | ૭૩ |
| ૧૦. | એજન | ” | ” | ૭૩ |
| ૧૧. | એજન | ” | ” | ૭૪ |
| ૧૨. | એજન | ” | ” | ૭૪ |
| ૧૩. | એજન | ” | ” | ૭૪ |
| ૧૪. | લોકસાહિત્યનું સમાલોચન | ઝવેરચંદ મેઘાણી | ૧૯૭૨ | ૨૨૪ |
| ૧૫. | ચૂંદડી | ઝવેરચંદ મેઘાણી | ૧૯૯૫ | ૯ |
| ૧૬. | કાવ્યનું સંવેદન | હરિવલ્લભ ભાયાણી | ૧૯૭૬ | ૧૦૦ |
| ૧૭. | લોકજીવનનાં મોતી | જોરાવરસિંહ જાદવ | ૨૦૦૯ | ૬૦ |

# ❖ માહિતીદાતાના નામ ❖

| ક્રમ | નામ | ઉ.વ. | ગામ |
|---|---|---|---|
| ૧. | કાન્તાબેન ભાસ્કરભાઈ માછી | ૭૦ | ટેંભી |
| ૨. | મિનલબેન જિતેન્દ્રભાઈ માછી | ૨૮ | ખતલવાડા |
| ૩. | લતિકાબેન નવીનભાઈ માછી | ૩૦ | ટેંભી |
| ૪. | કલ્પનાબેન સંદેશભાઈ માછી | ૩૧ | પળગામ |
| ૫. | મંજુલાબેન અર્જુનભાઈ માછી | ૬૫ | ટેંભી |
| ૬. | દક્ષાબેન લક્ષ્મણભાઈ માછી | ૪૨ | ખતલવાડા |
| ૭. | તિરૂમકીબેન ભગુભાઈ માછી | ૭૫ | ટેંભી |
| ૮. | નીતાબેન રમેશભાઈ માછી | ૪૦ | ટેંભી |
| ૯. | સુમનબેન બટુકભાઈ માછી | ૫૦ | ટેંભી |
| ૧૦. | માલાબેન અમરતભાઈ માછી | ૫૫ | ટેંભી માછીવાડ |
| ૧૧. | સૈલાબેન અમરતભાઈ માછી | ૪૬ | પળગામ |
| ૧૨. | સુમિત્રાબેન ધીરજભાઈ માછી | ૩૯ | ખતલવાડા |
| ૧૩. | સપનાબેન કિરણભાઈ સાગરવાલા | ૪૦ | નારગોલ |